RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 02-10-2026 I VOL : 12 I Issue : 197 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


ગાંધી જયંતિની હાર્દિક શુભેચ્છા





**3** કોંગ્રેસનું માસ્ટરસ્ટ્રોક 'કમિટમેન્ટ' મેનિફેસ્ટો લોન્ચ; ટેક્સ માફીથી લઈને...



**4** સેબીનો ચોંકાવનારો ખુલાસો: ઇન્ટ્રાડે ટ્રેડિંગ એટલે કૂવામાં કૂદવા...



**6** પ્રિયંકાની 14 વર્ષની ઇચ્છા પૂરી થાય એવા એંધાણ, સૈફઅલી ખાન સાથે...



**7** 15ની ઉંમરે TIME મેગેઝિનની યાદીમાં છવાયો વૈભવ સૂર્યવંશી

## ચૂંટણી પંચને સવાલ- TCSને આદેશ કોણે આપ્યો, કંપનીમાં મંજૂરી કોણે આપી

# ફોર્મ 6માં ગેરકાયદે રીતે ફેરફાર કરવામાં આવ્યો: રાહુલ

નવી દિલ્હી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ નવા મતદારોના રજિસ્ટ્રેશન માટે ઉપયોગમાં લેવાતા ઓનલાઈન ફોર્મ 6માં ફેરફારને લઈને ચૂંટણી પંચ પર સવાલો ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ફોર્મ 6માં ગેરકાયદેસર રીતે ફેરફાર કરવામાં આવ્યો છે. તેમણે પૂછ્યું કે ચૂંટણી પંચમાં કોને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS)ને ફેરફાર કરવાનો આદેશ આપ્યો અને TCSમાં તેને કોણે મંજૂરી આપી. તેમણે એ પણ પૂછ્યું કે શું કંપની પર કોઈ દબાણ હતું. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ છેલ્લા 10 મહિનામાં ફોર્મ-6માં ફેરફાર અને SIR સાથે જોડાયેલા નિર્ણયોને લઈને



14 વખત વાંધો ઉઠાવ્યો હતો. જોકે, ચૂંટણી પંચે બુધવારે SIR પૂર્ણ થઈ ચૂકેલા રાજ્યોમાં ફોર્મ-6માં મોટો ફેરફાર કર્યો હતો. હવે SIR દરમિયાન નામ કપાઈ ગયા બાદ ફરીથી નામ ઉમેરાવવા માટે 2003ની મતદાર યાદીની માહિતી આપવી નહીં પડે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે દાવો કર્યો કે જુલાઈ 2026માં મુખ્ય ચૂંટણી કમિશનરે ફોર્મ 6માં ગેરબંધારણીય રીતે ફેરફાર કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે તેનો હેતુ Gen-Z મતદારોને મતદાર યાદીમાંથી દૂર કરવાનો હતો. જોકે, ચૂંટણી પંચે આ આરોપોને ફગાવી દીધા હતા. ચૂંટણી પંચ અને SIRના મુદ્દે બુધવારે INDIA બ્લોકની બેઠક યોજાઈ હતી. તેમાં વિપક્ષી પક્ષોએ 6 ઓક્ટોબરે ચૂંટણી પંચ સુધી માર્ચ કાઢવાનો અને મતદાર યાદી સાથે જોડાયેલા મુદ્દાઓ રાષ્ટ્રપતિ સમક્ષ ઉઠાવવાનો નિર્ણય લીધો છે. વિપક્ષી ગઠબંધને આગામી ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવાની માગ પણ કરી છે અને SIR સાથે જોડાયેલા કેસોની વહેલી સુનાવણીની અપીલ કરી છે. ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ પણ કરી છે.

## રાહુલે કહ્યું- સરકાર બીમારી રોકવામાં નિષ્ફળ; MPનો દર પાંચમો નાગરિક આદિવાસી

રાહુલ ગાંધીએ ગુરુવારે બાલાઘાટના બિરસા બ્લોકના જગલા ગામમાં બૈગા આદિવાસીઓને મળ્યા. તેઓ અહીં એક કલાક રોકાયા. આ દરમિયાન તેઓ એવા બાળકોના પરિવારોને પણ મળ્યા, જેમનાં બીમારીના કારણે મોત થયાં હતાં. રાહુલને મળવા માટે આસપાસનાં ગામોમાંથી દોઢ હજાર લોકો પહોંચ્યા હતા. રાહુલે કહ્યું કે બીમારીનો સામનો કરવામાં રાજ્ય સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. તેઓ આ મુદ્દો લોકસભામાં ઉઠાવશે. તેમણે કહ્યું કે આદિવાસી મહિલાઓને 'લાડલી બહના યોજના'નો લાભ મળી રહ્યો નથી. આ પહેલાં રસ્તામાં રાહુલે માટી પ્રાથમિક સરકારી શાળામાં બાળકો સાથે 15 મિનિટ મુલાકાત કરી હતી. તેમણે બાળકો પાસેથી મધ્યાહન ભોજન વિશે જાણકારી મેળવી હતી.

## એક નજર...

### મરુન રફલ ટોપ અને વ્હાઈટ પેન્ટમાં મોનાલિસાનો ગ્લેમરસ અવતાર



મોનાલિસા એક જાણીતી ભારતીય અભિનેત્રી છે, જેણે મુખ્યત્વે ભોજપુરી સિનેમામાં પોતાની શાનદાર એક્ટિંગથી મોટી ઓળખ મેળવી છે. અભિનેત્રી મોનાલિસાએ ભોજપુરી ફિલ્મો સિવાય તેણે હિન્દી, બંગાળી, ઉડિયા, તમિલ, તેલુગુ અને કન્નડ જેવી ઘણી ભાષાઓની ફિલ્મોમાં પણ કામ કર્યું છે.

## ભલે જેલમાં નાંખો, આંદોલન તો કરીને જ રહીશું, CEC જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું જ પડશે : દીપકેની ચેતવણી

નવી દિલ્હી

મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગ સાથે મુંબઈમાં વિરોધ પ્રદર્શન યોજવાની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. કૉકરોચ જનતા પાર્ટી(CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ વહીવટી તંત્રની મંજૂરી ન મળે તો પણ 2 ઑક્ટોબરે આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી છે. સામે પક્ષે સરકારે પણ કાયદો-વ્યવસ્થા જાળવવા કડક વલણ દાખવવાનો સંકેત આપ્યો છે. મુંબઈ પ્રેસ ક્લબમાં વાતચીત દરમિયાન અભિજીત દીપકે(Abhijeet Dipke)એ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, 'જો તંત્ર પ્રદર્શનની પરવાનગી નહીં આપે તો પણ અમે પાછળ હટીશું નહીં. મુંબઈ પોલીસ, દિલ્હી પોલીસ નથી અને મને વિશ્વાસ છે કે મુંબઈ પોલીસ સ્થિતિને વધુ સારી રીતે સંભાળશે. દિલ્હીમાં વિરોધ છતાં વિદ્યાર્થીઓ પોતાની વાત રજૂ કરતાં રહ્યા છે.' મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ (Maharashtra CM Devendra Fadnavis) દ્વારા પ્રદર્શન કરનારાઓને 3 દિવસ સુધી જામીન નહીં મળે તેવી ચેતવણી અપાઈ હતી, જેના વળતા જવાબમાં દીપકેએ જણાવ્યું કે, 'સરકાર અમને 3 દિવસ નહીં પણ 3



મહિના જેલમાં રાખવા માગતી હોય તો પણ અમે તૈયાર છીએ, પરંતુ પ્રોટેસ્ટ થઈને જ રહેશે.' મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર(CEC Gyanesh Kumar)ના રાજીનામાની માગણી દોહરાવતાં દીપકેએ કહ્યું કે, 'મુખ્ય ચૂંટણી કમિશનરે રાજીનામું આપવું જોઈએ અને તેમની સામે ગુનાહિત કેસ દાખલ થવો જોઈએ. જો આ માગણી સંતોષવામાં નહીં આવે તો ઑક્ટોબરના અંતથી દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલન શરૂ કરવામાં આવશે.'

## રાયગઢના દિવેઆગર બીચ પર મોટી દુર્ઘટના, દરિયામાં ડૂબી જવાથી પુણેના 8 વિદ્યાર્થીઓના મોત

રાયગઢ

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં આવેલા પ્રખ્યાત દિવેઆગર બીચ પર ગુરુવારે એક કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. દરિયામાં નહાવા ગયેલા પુણેના આળંદી વિસ્તારના 8 વિદ્યાર્થીઓનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. પ્રાઈવેટ ટ્યુશન ક્લાસ તરફથી પ્રવાસ માટે આવેલા આ તમામ વિદ્યાર્થીઓ અચાનક ઊંચા મોજાં અને પાણીના જોરદાર પ્રવાહની ઝપેટમાં આવી ગયા હતા. મળતી વિગતો મુજબ, આળંદી સ્થિત ધોરણ 11 અને 12ના કુલ 42 વિદ્યાર્થીઓ દિવેઆગર ફરવા માટે આવ્યા હતા. આ દરમિયાન ગ્રૂપમાંથી 8 વિદ્યાર્થીઓ દરિયામાં નહાવા માટે ઉતર્યા હતા. પાણીમાં ઉતર્યાના થોડા જ સમયમાં પાણીનું સ્તર ઝડપથી વધી ગયું અને જોરદાર મોજાં ઉછળવા લાગ્યા હતા.

## 10 ઓક્ટોબર સુધી દેશભરમાંથી ચોમાસું વિદાય લેશે

# દેશમાં 13મું સૌથી સૂકું ચોમાસું: પંજાબમાં 41% અને રાજસ્થાનમાં 21% ઓછો વરસાદ થયો

નવી દિલ્હી

આ વખતે દેશભરમાં ચોમાસું 13મું સૌથી ઓછું વરસાદવાળું સિઝન રહ્યું. પાછલા 11 વર્ષોમાં આ સૌથી ઓછા વરસાદવાળું ચોમાસું રહ્યું છે. જોકે, સિઝન પૂરો થાય તે પહેલાં થયેલા ભારે વરસાદને કારણે વરસાદની અછતમાં 2.5%નો સુધારો થયો. ચોમાસું-2026 સિઝન સામાન્ય કરતાં 12.6% ઓછા વરસાદ સાથે પૂરું થયું. દેશના 43% જિલ્લાઓમાં 20થી 72% સુધી ઓછો વરસાદ થયો.

સૌથી વધુ પંજાબમાં 41% ઓછો વરસાદ થયો. જ્યારે રાજસ્થાનમાં આશરે 22%ની અછત નોંધાઈ. આ ઉપરાંત 9 રાજ્યોમાં પણ સરેરાશ કરતાં ઓછો વરસાદ થયો. પૂર્વ ભારતમાં ઓડિશામાં સામાન્ય કરતાં 30% વધુ વરસાદ થયો, જ્યારે વરસાદ માટે જાણીતા પૂર્વોત્તર રાજ્યોમાં આ વર્ષે 1901 પછીનો સૌથી ઓછો વરસાદ નોંધાયો. ચોમાસાની વિદાય 19 સપ્ટેમ્બરથી શરૂ થઈ ચૂકી હતી. આગામી બે દિવસમાં રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના બાકીના વિસ્તારો ઉપરાંત જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ગુજરાત અને મધ્ય પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસું પાછું ફરવા લાગશે. બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાંથી પણ તેની વિદાય થશે. જોકે, દક્ષિણ ભારત અને પૂર્વોત્તરનાં રાજ્યોમાં ભારે વરસાદ ચાલુ રહેશે.

### 282 જિલ્લાઓમાં ઓછો વરસાદ

દેશના 38% વિસ્તારમાં એટલે કે 282 જિલ્લાઓમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો. અતિશય વરસાદ માટે જાણીતા મેઘાલયમાં પણ સામાન્ય કરતાં 60% ઓછો વરસાદ નોંધાયો. 24 સપ્ટેમ્બર સુધી દેશના 150 મુખ્ય જળાશયોમાં 130 અબજ ઘન મીટર (BCM) પાણી ઉપલબ્ધ હતું. તેમની કુલ સંગ્રહ ક્ષમતા 182.4 BCM છે. એટલે કે જળાશયો તેમની ક્ષમતાના આશરે 71% સુધી ભરાયેલા છે. જોકે, પાણીનો જથ્થો ગયા વર્ષની સરખામણીએ ઓછો છે. ICICI બેંકના અહેવાલ મુજબ, ઈન્ડિયન ઓશન ડાઈપોલ (IOD) ઈન્ડેક્સ 0.76 સાથે પોઝિટિવ ઝોનમાં પહોંચી ગયો છે. આનાથી આગામી દિવસોમાં મજબૂત બની રહેલા અલ નીનોની પ્રતિકૂળ અસરની અમુક હદ સુધી ભરપાઈ થઈ શકે છે. જોકે, અલ નીનો હજુ પણ ચોમાસા માટેનું મુખ્ય જોખમ યથાવત્ છે.

## NEWS TRACK

### વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પે સુંદરે પિચાઇની મજાક ઉડાવી?: ગૂગલ CEOએ આપ્યો જબરદસ્ત વળતો જવાબ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની વૈશ્વિક દોડ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે વિશ્વની ટોચની ટેક કંપનીઓના વડાઓ સાથે હાઈ-પ્રોફાઈલ બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન AIના નિયમન જેવા ગંભીર મુદ્દાઓ ચર્ચાયા, પરંતુ સૌથી વધુ ચર્ચા ટ્રમ્પ અને ગૂગલના CEO સુંદર પિચાઈ વચ્ચે થયેલી હળવી રકઝકની થઈ રહી છે, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. "આ વ્યક્તિ મોન્સ્ટર છે!": ટ્રમ્પે કેમ કરી આવી ટિપ્પણી? 29 સપ્ટેમ્બરે વ્હાઈટ હાઉસમાં યોજાયેલી આ બેઠકમાં Google, Meta, Nvidia અને Anthropic જેવી દિગ્ગજ ટેક કંપનીઓના વડાઓ હાજર રહ્યા હતા. બેઠક બાદ ટ્રમ્પ જ્યારે પત્રકારોને સંબોધી રહ્યા હતા, ત્યારે સુંદર પિચાઈ કંઈક બોલવા આગળ આવ્યા. ટ્રમ્પે તેમને હળવાશથી અટકાવતા તેમની તરફ ઈશારો કરીને કહ્યું: 'આ વ્યક્તિ એક 'મોન્સ્ટર' છે, છતાં સામાન્ય લોકો તેમને ઓળખતા પણ નથી. તેમની જિંદગી કેટલી શાનદાર છે કે તેઓ આટલા મોટા 'મોન્સ્ટર' હોવા છતાં સતત મીડિયાની લાઈમલાઈટમાં રહેવું પડતું નથી.

### ઝિમ્બાબ્વેમાં હેલિકોપ્ટર ક્રેશ, જાણીતા બિઝનેસમેન સહિત 6નાં મોત:પત્ની પણ સવાર હતી

ઝિમ્બાબ્વેના મરોન્ડેરા વિસ્તારમાં બુધવારે 6 લોકોને લઈ જતું હેલિકોપ્ટર ક્રેશ થયું. અકસ્માત બાદ તેમાં આગ લાગી ગઈ. હેલિકોપ્ટરમાં 4 મુસાફરો અને 2 ક્રૂ સભ્યો સવાર હતા. અકસ્માતમાં તમામ 6 લોકોનાં મોત થયા. મૃતકોમાં 43 વર્ષીય જાણીતા બિઝનેસમેન વિકનેલ ચિવાયો અને તેમની પત્ની લૂસી મુતેકેનો પણ સમાવેશ થાય છે. ચિવાયોને રાષ્ટ્રપતિ એમરસન મનનગાગ્વાના નજીકના માનવામાં આવતા હતા. પોલીસ અને રાહત ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને મૃતદેહોની ઓળખ કરવામાં લાગી છે. હેલિકોપ્ટર રાજધાની હરારેથી આશરે 70 કિલોમીટર પૂર્વમાં આવેલા મરોન્ડેરા વિસ્તારમાં તૂટી પડ્યું. પોલીસને અકસ્માતની માહિતી બુધવારે સાંજે લગભગ 5 વાગ્યે મળી હતી. અકસ્માત કયા કારણોસર થયો તે હજુ સ્પષ્ટ નથી. પોલીસ આ મામલે તપાસ કરશે. વિકનેલ ચિવાયો ઈન્ટ્રાટ્રેક ઝિમ્બાબ્વેના સ્થાપક હતા. આ કંપની એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સમાં કામ કરતી હતી.

# UPSC વિકસિત ભારતને ગવર્નન્સ આપવાનું માધ્યમ: PM

## ઉમેદવારની બે કસોટીઓ, નેશન ફર્સ્ટ, સિટિઝન્સ ફર્સ્ટ; સંસ્થાના 100 વર્ષ પૂર્ણ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું કે વિકસિત ભારત માટે જે પ્રકારનું ગવર્નન્સ જોઈએ તેનું માધ્યમ UPSC છે. તેમાં ભરતી થનારા યુવાનોની 2 કસોટી હોવી જોઈએ. પહેલી નેશન ફર્સ્ટ અને બીજી સિટિઝન્સ ફર્સ્ટ. પીએમ મોદી સંઘ લોક સેવા આયોગ (UPSC)ના 100 વર્ષ પૂર્ણ થવા



નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ભારત મંડપમ પહોંચ્યા હતા. તેમણે આયોગ સાથે જોડાયેલા 100 ઐતિહાસિક નિર્ણયો પર આધારિત પુસ્તકનું લોકાર્પણ કર્યું. સાથે જ શતાબ્દી સ્મારક સિક્કો અને વિશેષ ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. મોદીએ આ દરમિયાન સૌથી પહેલાં ફ્લાયદુબઈની ફ્લાઈટને સ્મિત સાથે ક્રેશથી બચાવનાર પાઈલટ સ્મિત મચ્છરનો ઉલ્લેખ કર્યો. મોદીએ કહ્યું કે ગઈકાલે એક હિન્દુસ્તાની પાઈલટે 9/11 થવાથી બચાવી લીધું. આજે મારી તેમના માતા-પિતા સાથે વાત થઈ. આજે આખી દુનિયા તેમના પર ગર્વ કરી રહી છે. UPSC દર વર્ષે એન્જિનિયરિંગ, મેડિકલ, ડિફેન્સ સહિતની અન્ય સેવાઓ સંબંધિત લગભગ 250 ભરતી પરીક્ષાઓ યોજે છે. તેના પ્રથમ અધ્યક્ષ સર રૉસ બાર્કર હતા. સંસ્થાએ 100 વર્ષમાં બે વખત પોતાનું નામ બદલ્યું છે.

## ભારત-યુએઇ વચ્ચે સમુદ્રમાં તેલની પાઇપલાઇનની તૈયારી

નવી દિલ્હી

હોર્મુઝ સંકટ વચ્ચે ભારત ઊર્જા પુરવઠાને સુરક્ષિત રાખવા માટે નવી વ્યૂહરચના પર કામ કરી રહ્યું છે. આ અંતર્ગત ભારત અને યુએઈ વચ્ચે સમુદ્રની નીચે તેલ અને ગેસની પાઈપલાઈન બિછાવવાની તૈયારી છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે યુએઈના વિદેશ વેપાર મંત્રી થાની બિન અહમદ અલ જેઉદી સાથે મુલાકાત બાદ આની પુષ્ટિ કરી. સરકારે ઓમાન-યુએઈથી ભારત સુધીની સમુદ્રની નીચેની પાઈપલાઈન પરિયોજનાને પ્રાથમિકતા આપી છે. MEIDP (મિડલ ઈસ્ટ ટુ ઈન્ડિયા ડીપ-વોટર પાઈપલાઈન) અંતર્ગત પાઈપલાઈન ઓમાન અને યુએઈના કિનારેથી શરૂ થઈને અરબ સાગરની નીચેથી પસાર થઈ ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારા સુધી પહોંચી શકે છે. જૂનમાં સરકારે આ પરિયોજનાને ખાનગી પ્રોજેક્ટ ગણાવ્યો હતો. શરૂઆતમાં તેમાં માત્ર ગેસ પાઈપલાઈનની યોજના હતી, પરંતુ હવે દરિયાઈ માર્ગે કાચું તેલ લાવવાની સંભાવના પર પણ તકનીકી અભ્યાસ શરૂ થઈ ગયો છે.

## બિહારમાં પૂરથી 2 લાખ લોકો પ્રભાવિત

પટના

યુપીમાં ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ છે. ગોંડાના 26 ગામોમાં ઘાઘરા નદીનું પાણી ઘૂસી ગયું છે. પૂરના કારણે લગભગ 6 હજાર લોકો અસરગ્રસ્ત થયા છે.

રસ્તાઓ પર હોડીઓ ચાલી રહી છે. પાણીમાં ડૂબી જવાથી 2 લોકોનાં મોત થયા છે. બિહારના 6 જિલ્લાઓમાં પૂરના કારણે 2.03 લાખ લોકો અસરગ્રસ્ત થયા છે. નેપાળમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે ગંડક, કોસી સહિત ઘણી નદીઓમાં પૂર આવ્યું છે. છપરાના હઝલપુર ગામમાં બંધ તૂટ્યા બાદ પાણીના તેજ પ્રવાહમાં એક ઘર તૂટી ગયું અને તણાઈ ગયું. ઉત્તરાખંડના 5 પર્વતીય જિલ્લાઓમાં આજે વરસાદની સંભાવના છે.

## દેશભરના વેપારીઓ બીજી ઓકટોબરે નો-યુપીઆઈ-ડે મનાવી સરકાર સામે ઝુંબેશ શરૂ કરશે

મુંબઈ

કેન્દ્ર સરકારના યુપીઆઈના વ્યવહારો પર લાદવામાં આવેલા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટનો વિરોધ દેશવ્યાપી ધોરણે વેપારી વર્ગમાં વધ્યો છે. આ પગલાના વિરોધમાં વેપારીઓએ બીજી ઓકટોબરે સમગ્ર ભારતમાં નો-યુપીઆઈ-ડે



(યુપીઆઈ વગરનો દિવસ) તરીકે મનાવવાનું નક્કી કર્યું હોવાનું ભારતીય ઉદ્યોગ વ્યાપાર મંડળના સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઉદ્યોગ વ્યાપાર મંડળના વડપણ હેઠળ દેશભરના આગેવાન વિવિધ વેપારી સંગઠનોને સામિલ કરતી વિડીયો કોન્ફરન્સ મિટિંગ યોજવામાં આવી હતી તથા દેશભરના આશરે ૧૭ રાજ્યોના વેપારી સંગઠનો દ્વારા કેન્દ્ર સરકારના આ પગલાંનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો તથા બીજી ઓકટોબરે નો-યુપીઆઈ-ડે તરીકકે મનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું વેપારી સંગઠનોના સૂત્રોએ જણાવ્યું હતું. બીજી ઓકટોબરે વેપારી સંગઠનો મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને સરકાર વિરુદ્ધ ઝુંબેશનો આરંભ કરનાર છે.

આ ઉપરાંત દરેક રાજ્યોના વેપારી સંગઠનો પોતાના વિસ્તારમાં સંસદ સભ્યોને આવેદન પત્ર આપી વેપારીઓની નારાજગી સરકાર સુધી પહોંચાડવા રજૂઆત કરશે.

દરમિયાન, ૧૦મી ઓકટોબરે દેશવ્યાપી ધોરણે વેપારીઓ પોતાના રાજ્યોમાં તથા શહેરોમાં ધરણાઓ યોજીને સરકાર સમક્ષ વિરોધ પ્રદર્શન કરશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## બેકાબૂ કારે રિક્ષાને પાછળથી ટક્કર મારતાં બાળક સહિત 7 ઘાયલ

ઉના, કૈલૈશ ભટ્ટ

ઉના-વેરાવળ નેશનલ હાઈવે પર કેસરિયા ગામ નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. સોમનાથ દર્શન કરીને દીવ તરફ જઈ રહેલા ઉત્તર પ્રદેશના પરિવારની ઑટો રિક્ષાને પાછળથી એક કારે જોરદાર ટક્કર મારી હતી. આ ઘટનામાં કુલ 7 લોકો ઘાયલ થયા છે. સ્થાપનિકો અને 108 ની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક ઉના સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા ઉના પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે.

ઉત્તર પ્રદેશનો પરિવાર સોમનાથ મંદિરના દર્શન પૂર્ણ કરીને ઑટો રિક્ષામાં દીવ તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન કેસરિયા ગામ પાસે કાર ચાલકે અચાનક વાહન પરનો કાબુ ગુમાવી દીધો હતો. બેકાબૂ કારે આગળ જઈ રહેલી રિક્ષાને પાછળથી જોરદાર ઠોકર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે કાર અને રિક્ષા બંને રસ્તાની સાઈડમાં પલટી મારી ગયા હતા. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોએ પલટી ગયેલા વાહનોમાંથી તમામ ઘાયલ લોકોને બહાર કાઢ્યા હતા. આ બનાવ અંગે તરત જ 108 ઈમરજન્સી સર્વિસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉના અને ડોળાસાની 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

## સગીરા સાથે દુષ્કર્મ કેસમાં આરોપીને 20 વર્ષની સખત કેદ, રૂ.25 હજારનો દંડ

અંકલેશ્વર

ભરૂચના વાલિયા વિસ્તારમાં સગીરા સાથે વારંવાર દુષ્કર્મના કેસમાં અંકલેશ્વર સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી યોગેશ વેચાણ વસાવાને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને રૂ.25 હજારનો દંડ ભરવાનો પણ હુકમ કર્યો છે.

સગીરાની માતાએ 19 ફેબ્રુઆરી, 2025ના રોજ વાલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ભરૂચની ઈન્વેસ્ટિગેશન યુનિટ ક્રાઈમ અગેન્સ્ટ વુમન શાખાએ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન માંગરોળ તાલુકાના વકીલપરા ગામના રહેવાસી યોગેશ વેચાણ વસાવાની ધરપકડ કરવામાં આવી હતી.

આ કેસમાં અંકલેશ્વર સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ એસ.પી. રાહતકરની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરાઈ હતી. સરકારી વકીલ પિયુષ રાજપૂતે કેસમાં 30 દસ્તાવેજી અને 16 મૌખિક પુરાવા રજૂ કરી દલીલો કરી હતી. પુરાવા અને દલીલોને ધ્યાનમાં રાખીને કોર્ટે યોગેશ વસાવાને 20 વર્ષની સખત કેદ અને રૂ.25 હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ નહીં ભરે તો વધુ પાંચ મહિનાની સાદી કેદ ભોગવવાનો પણ કોર્ટે હુકમ કર્યો છે.

## ભાડા વિધેયક-2026 સામે અંકલેશ્વર વકીલ મંડળનો વિરોધ, કોર્ટ બહાર નકલોની હોળી

અંકલેશ્વર

અંકલેશ્વર વકીલ મંડળે ગુજરાત ભાડા વિધેયક-2026 સામે સખત વિરોધ નોંધાવી કોર્ટ બહાર વિધેયકની નકલોની હોળી કરી હતી. વકીલ મંડળે સર્વાનુમતે ઠરાવ પસાર કરી વિધેયકની જોગવાઈઓ સામે વિરોધ દર્શાવ્યો હતો. વિરોધના ભાગરૂપે અંકલેશ્વરના વકીલો 1 ઓક્ટોબરથી 3 ઓક્ટોબર સુધી કોર્ટના કામકાજથી દૂર રહેશે. વકીલ મંડળે વિધેયકની જોગવાઈઓમાં જરૂરી સુધારા કરવાની માંગ કરી છે. વકીલોનો મુખ્ય વાંધો ભાડા વિવાદોના નિવારણ માટે ઊભી થનારી નવી ત્રણ સ્તરીય વ્યવસ્થાને લઈને છે. વિધેયક હેઠળ રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવશે. વકીલ મંડળના મતે ભાડા સંબંધિત વિવાદોમાં મહેસૂલ તંત્રના અધિકારીઓને સત્તા આપવાથી ન્યાયિક પ્રક્રિયા અને પક્ષકારોના હિતો પર અસર થઈ શકે છે. આથી વિધેયકની જોગવાઈઓમાં સુધારા કરવાની માંગ સાથે વિરોધ ચાલુ રાખવામાં આવ્યો છે.

## 2 ઓક્ટોબરે 'નો UPI ડે'નું એલાન:ચાર્જ વસૂલવાના નિર્ણય સામે વેપારીઓનો વિરોધ

ગાંધીધામ

કેન્દ્ર સરકાર દ્વારા આગામી 15મી ઓક્ટોબરથી યુપીઆઈ વ્યવહારો ઉપર ચાર્જ વસૂલવાના પ્રસ્તાવિત નિર્ણય સામે ગાંધીધામ અને દેશભરના વેપારી વર્ગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વેપારી સંગઠનો દ્વારા આ નિર્ણયનો સખ્ત વિરોધ કરવામાં આવી રહ્યો છે.

આ વિરોધના ભાગરૂપે દેશના અનેક વેપારી સંગઠનો દ્વારા આગામી 2 ઓક્ટોબરના રોજ "નો યુપીઆઈ ડે" નું એલાન કરવામાં આવ્યું છે, જેને સ્થાનિક વેપારીઓએ પણ સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું છે.

વેપારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ નિર્ણય પરત નહીં ખેંચાય તો 15મી ઓક્ટોબરથી મર્ચન્ટ એકાઉન્ટ બંધ કરીને ફરજિયાતપણે માત્ર રોકડ વ્યવહારોથી જ વેપાર કરવો પડશે. યુપીઆઈ પર ચાર્જ નાખવાથી ડિજિટલ ક્રાંતિની ગતિ મંદ પડશે અને અર્થતંત્ર પર વિપરીત અસરો પડશે તેવું વેપારીઓનું માનવું છે.

## લોનના બહાને કાલાવડના ખેડૂતની 14 વીઘા જમીન પડાવી લીધી

જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નીકાવા ગામે રહેતા ખેડૂત પરેશભાઈ સોજીત્રા સાથે 20 લાખ રૂપિયાની લોન આપવાના બહાને 14 વીઘા જમીન પચાવી પાડવાની ગંભીર છેતરપિંડી આચરવામાં આવી છે. વ્યાજખોરોએ જમીન પરત આપવા માટે ખેડૂત પાસેથી 1.25 કરોડ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે કાલાવડ પોલીસ સ્ટેશનમાં અલ્પેશ દોંગા સહિત 5 શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા તમામ આરોપીઓ સામે કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપીઓએ ખેડૂત પરેશભાઈને 2.5% માસિક વ્યાજના દરે લોન આપવાની લાલચ આપી હતી. નાણાંની લેવડદેવડ દરમિયાન આરોપીઓએ ખેડૂત પાસેથી કોરા ચેક અને જમીનના કાગળો મેળવી લીધા હતા.

# મહારાષ્ટ્ર-ગુજરાત બોર્ડર પર 'ડી-કંપની'ના છાયા હેઠળ ચાલતું અંડરવર્લ્ડનું જુગાર સામ્રાજ્ય

### નવાપુરમાં કરોડોના જુગાર ના અડ્ડા પર એસપી અને રેન્જ આઈજીની મિલીભગતનો પર્દાફાશ! ખાકીની લાચારી કે હપ્તાખોરી? નવાપુરના સરહદી અડ્ડા પર એસપી અને રેન્જ આઈજીની આંખ આડા કાનનીતિથી જનતામાં રોષ

નંદુરબાર

દેશની આર્થિક રાજધાનીની નજીક અને બે રાજ્યોની સરહદો પર કાયદો, સંવિધાન અને ખાકી વર્દીને કચડતું એક રાક્ષસી અંડરવર્લ્ડ સામ્રાજ્ય ધમધમી રહ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે આવેલા ગૌમુખ ગામથી માંડ ૨ કિલોમીટરના અંતરે આવેલા ખીખડા ગામ (મહારાષ્ટ્રના નવાપુર પોલીસ સ્ટેશન હદ, જિલ્લો નંદુરબાર) આજે દેશના સૌથી મોટા ગેરકાયદે જુગાર અને અપરાધના અડ્ડામાં પરિવર્તિત થઈ ચૂક્યું છે. આ ભૌગોલિક સરહદનો લાભ લઈને કુખ્યાત અપરાધીઓએ એવો સુરક્ષિત કિલ્લો બનાવ્યો છે, જ્યાં ખાકીના આશીર્વાદથી કાયદાના




હાથ પણ ધ્રૂજે છે!

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, નવાપુરની આ સરહદી ધરતી પર 'પપ્પુ, રઈસ શેખ અને સુરજ જયસ્વાલ' ની ત્રિપુટી કરોડો રૂપિયાનું ગેરકાયદે જુગાર સામ્રાજ્ય ચલાવી રહી છે. અહીં ગુજરાત, નાસિક અને મધ્ય પ્રદેશના શાતિર ગુનેગારો તેમજ મોસ્ટ વોન્ટેડ કુખ્યાતો બેફામ આશરો લે છે.

આ સમગ્ર સિન્ડિકેટના તાર સીધા આંતરરાષ્ટ્રીય ગુનાહિત જગત એટલે કે 'ડી-કંપની' (D-Company) સાથે જોડાયેલા છે. મુખ્ય ઓપરેટર રઈસ શેખ ડી-કંપનીને સુરક્ષા પેટે રોજના ૨ લાખ રૂપિયાનો માતબર હપ્તો પહોંચાડે છે, જેના કારણે આ અડ્ડા પર દારૂ, ડ્રગ્સ અને દેહવ્યાપારની ખુલ્લી છૂટ છે અને કોઈ પરિંદો પણ પર નથી મારી શકતો.

સવાલ એ થાય છે કે શું જિલ્લાના પોલીસ અધિક્ષક (એસપી) અને રેન્જ આઈજી આ મહા-પાપથી અજાણ છે? વાસ્તવિકતા એ છે કે નંદુરબાર જિલ્લાના એસપી આ સમગ્ર ખેલ પર આંખ આડા કાન કરીને બેઠા છે. રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને રેન્જ આઈજી પર સીધા સવાલો ઉઠી રહ્યા છે કે તેઓ માત્ર 'હપ્તા વસૂલી'ના ચક્રવ્યુહમાં વ્યસ્ત છે.

જ્યારે 'પાક્કો ગુજરાત' ન્યૂઝના પ્રતિનિધિએ આ મામલે સત્ય જાણવા માટે જિલ્લાના એસપીને ફોન જોડ્યો, ત્યારે એસપી મેડમે ફોન ઉઠાવવાની પણ તસ્દી લીધી નહીં! આ બાબત જ સ્પષ્ટ પુરાવો છે કે પ્રશાસન અને અપરાધીઓની મિલીભગત કઈ હદ સુધી ગંદકીમાં ડૂબેલી છે. મહિનાના કરોડો રૂપિયા ઉપર સુધી પહોંચતા હોવાથી જુગાર ચલાવનારાઓ ખુલ્લેઆમ પડકાર ફેંકી રહ્યા છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર' દ્વારા નવાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ અને એલસીબી (LCB) ને આ ગેરકાયદે ધંધાની પૂરી કુંડળી સોંપવામાં આવી હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા આજદિન સુધી કોઈ મોટી કાર્યવાહી કેમ કરવામાં આવી નથી?

એલસીબી અને પોલીસ વડા દ્વારા કોઈ નક્કર પગલાં લેવાતા નથી. પોલીસ સ્ટાફ માત્ર દેખાડા પૂરતી સ્થળ પર જઈને 'નીલ રેડ' (ખાલી હાથે ફોર્માલિટી) કરીને, માત્ર વરણીના હપ્તા લઈને પાછી ફરી જાય છે! શું એસપી અને રેન્જ આઈજીની નિયતમાં ખોટ છે કે પછી તેઓ આ મહાભ્રષ્ટાચારમાં સીધા ભાગીદાર છે?

જ્યારે કાયદાના રક્ષકો જ ઉચ્ચ સ્તરે હપ્તા વસૂલીમાં મશગુલ થઈ જાય, ત્યારે સામાન્ય જનતાએ ન્યાયની આશા કોની પાસે રાખવી?

શું મહારાષ્ટ્રના યશસ્વી મુખ્યમંત્રી અને ગૃહ વિભાગ આ સનસનાટીભર્યા મામલાની ગંભીર નોંધ લઈને નવાપુરના આ 'ગબ્બરના અડ્ડા'ને જમીનદોસ્ત કરશે? શું ભ્રષ્ટ એસપી અને બેજવાબદાર રેન્જ આઈજી સામે કડક ગાજ પાડવામાં આવશે? જો ત્વરિત પગલાં નહીં લેવાય, તો જનતાનો કાયદો અને વ્યવસ્થા પરથી વિશ્વાસ ઉઠી જશે.

### વડોદરા-ડભોઈ માર્ગ પર ઓવરબ્રિજની કાચબા ગતિથી જનતા ત્રસ્ત

## 30 મિનિટનો રસ્તો 2.5 કલાકનો બન્યો; ભીલીપુર, પલાસવાળા અને રતનપુર પાસે વાહનચાલકો હેરાન

વડોદરા/ડભોઈ

વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' અને ઉત્તરોત્તર વિકસતા પ્રવાસન ધામોને જોડતા અત્યંત વ્યસ્ત વડોદરા-ડભોઈ મુખ્ય માર્ગ પર વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે પ્રજા હાડમારી વેઠી રહી છે. માર્ગ પર ચાલી રહેલા ત્રણ-ત્રણ મહત્વના ઓવરબ્રિજની કામગીરી એટલી ધીમી ચાલી રહી છે કે, વાહનચાલકો અને મુસાફરો માટે આ રસ્તેથી પસાર થવું હવે રોજિંદી નરક સમાન બની ગયું છે. સાધારણ ૩૦ મિનિટનો સમય માંગી લેતો આ પ્રવાસ આજે દોઢથી બે કલાકના ટ્રાફિક સંતાકૂકડીમાં ફેરવાઈ ગયો છે.



વડોદરાથી ડભોઈ તરફ જતા આ મહત્વપૂર્ણ ધોરીમાર્ગ પર એકસાથે ત્રણ મોટા સ્થળોએ ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જેના કારણે રોડ સાંકડા થઈ ગયા છે અને ભયંકર ટ્રાફિક ત્રાસ સર્જાયો છે: ભીલીપુર પાસે ઢાઢર નદીનો ઓવરબ્રિજ: ડભોઈ તાલુકાના ભીલીપુર નજીક ઢાઢર નદી પર નવો ઓવરબ્રિજ બનાવવાની કામગીરી અતિશય મંદ ગતિએ ચાલી રહી છે. પલાસવાળા રેલવે ફાટક ઓવરબ્રિજ: રેલવે ક્રોસિંગ પર ટ્રાફિકની સમસ્યા કાયમી ધોરણે નિવારવા માટે બનતો આ બ્રિજ પ્રજા માટે રાહતને બદલે મુસીબત બની ગયો છે.

રતનપુર ઓવરબ્રિજ: રતનપુર ગામ પાસે વાહનવ્યવહારને સુચારૂ બનાવવા હાથ ધરાયેલું આ બ્રિજનું કામ પણ ગોકળગતિએ આગળ વધી રહ્યું છે. એકસાથે ત્રણેય સ્થળોએ ખોદકામ અને ડાયવર્ઝનની સ્થિતિના કારણે ગત રાત્રે પણ આ માર્ગ પર વાહનોની કિલોમીટર લાંબી કતારો જોવા મળી હતી. કલાકો સુધી વાહનો અટવાઈ પડતા નાના બાળકો, સિનિયર સિટીઝનો અને નોકરિયાત વર્ગ ભારે ત્રાસી ગયો છે.

આ રોડ માત્ર સ્થાનિક અવરજવર પૂરતો મર્યાદિત નથી, પરંતુ ગુજરાત અને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે અતિ મહત્વની ધમની સમાન છે.

## સુબ્રમણ્યમ આર. અય્યરે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર તરીકે શપથ લીધા

### ગાંધીનગર લોકભવનમાં આચાર્ય દેવવ્રતે પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા

ગાંધીનગર

ગુજરાતના મુખ્ય માહિતી કમિશનર તરીકે સુબ્રમણ્યમ આર. અય્યરે આજે (1 ઓક્ટોબર) ગાંધીનગર લોકભવન ખાતે શપથ ગ્રહણ કર્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને નિષ્ઠા અને પદના શપથ લેવડાવ્યા હતા. શપથવિધિ સમારોહમાં મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ, અગ્ર સચિવ હરીત શુક્લા, રાજ્યપાલના સચિવ મેહુલ કે. દવે સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અગાઉ માહિતી કમિશનર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. સુબ્રમણ્યમ આર. અય્યર અગાઉ ગુજરાત રાજ્યના માહિતી કમિશનર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. હવે તેમને રાજ્યના મુખ્ય માહિતી કમિશનરની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. અય્યરે વિવિધ ક્ષેત્રોમાં પણ મહત્વની જવાબદારીઓ નિભાવી છે. તેઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સભ્ય, ભારતીય રેલવેની નેશનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કાઉન્સિલના સભ્ય, પશ્ચિમ રેલવેની ઝોનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટીના સભ્ય તેમજ ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ડાયરેક્ટર રહી ચૂક્યા છે.

### મામલતદારની મધરાતે રેડ, 7 વાહનો જપ્ત!

## બોડેલીમાં તંત્રના સપાટાથી ખનિજ માફિયાઓમાં ભયનો માહોલ

બોડેલી

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પંથકમાં લાંબા સમયથી ચાલી રહેલી ખનિજ ચોરી અને ગેરકાયદેસર રેતી વહન સામે આખરે વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. મધરાતે ત્રાટકેલી મામલતદારની ટીમે રેતી ભરેલા પાંચ ડમ્પર અને બે ટ્રેક્ટર સહિત કુલ 7 વાહનો ઝડપી પાડીને ખળભળાટ મચાવી દીધો છે. રાત્રિના સુમારે થયેલી આ અચાનક કાર્યવાહીથી ખનિજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, બોડેલી વિસ્તારમાં પરવાનગી વગર અને નિયમો નેવે મૂકીને રેતી વહન કરતા વાહનોની સતત ફરિયાદો મળી રહી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને મામલતદાર અને તેમની ખાસ વિજિલન્સ ટીમ દ્વારા રાત્રિના અંદાજે 1:00 વાગ્યાના સુમારે ફિલ્ડમાં ઉતરીને અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા: ૫ (પાંચ) હાઈ-સ્પીડ ડમ્પર (રેતી ભરેલા), ૨ (બે) ટ્રેક્ટર. તંત્રની પકડમાં આવી ગયા હતા. મામલતદારની ટીમે તાત્કાલિક તમામ વાહનોને રોકીને સ્થળ પર જ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. વાહનો ઝડપાયા બાદ અધિકારીઓ દ્વારા ડ્રાઈવરો પાસે રેતીના વહન અંગેના જરૂરી રોયલ્ટી પાસ, પરવાનગી પત્રો (Permit) અને વજન સંબંધિત દસ્તાવેજો



માંગવામાં આવ્યા હતા. મોટાભાગના વાહનચાલકો સંતોષકારક દસ્તાવેજો રજૂ કરી શક્યા ન હતા અથવા તો ઓવરલોડ રેતીનું વહન કરતા હોવાનું સામે આવ્યું હતું. તપાસ પૂર્ણ થયા બાદ, તંત્ર દ્વારા કડક રૂપે તમામ સાતેય વાહનોને પોતાના કબજામાં લેવામાં આવ્યા હતા અને બોડેલી પોલીસ સ્ટેશન અથવા સુરક્ષિત સ્થળે ખસેડીને આગળની કાયદેસરની દંડકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાત્રિના અંધારામાં સક્રિય થઈ જતા રેતી ચોરો માટે આ કાર્યવાહી એક લાલબતી સમાન સાબિત થઈ છે. તંત્રની આ કડક કાર્યવાહીથી વગર પાસ કે ઓવરલોડ રેતી ખનન અને વહન કરતા તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. સ્થાનિક નાગરિકોમાં પણ ચર્ચા છે કે જો આવી રેડ અવારનવાર કરવામાં આવે, તો સરકારી ખજાનાને નુકસાન પહોંચાડતા આ કાળા કારોબાર પર કાયમ માટે લગામ કસી શકાશે.

## નવી નગરીથી ટીંબી ફાટક સુધીનો રોડ ખાડામાં ગરકાવ

### મસમોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાન, અકસ્માતનો ભય; તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં રોષ

ડભોઇ

ડભોઈ નગરમાં વિકાસના દાવાઓ વચ્ચે પ્રજાની પ્રાથમિક સુવિધાઓની કેવી દયનીય હાલત છે, તેનું જીવંત ઉદાહરણ નવી નગરીથી ટીંબી ફાટક તરફ જતો મુખ્ય માર્ગ બની ગયો છે. લાંબા સમયથી બેદરકારીનો ભોગ બનેલો આ રોડ અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. માર્ગ પર પડેલા મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકોની કમર ભાંગી રહી છે, ત્યારે વહીવટી તંત્રની નિદ્રા ક્યારે ઉડશે તેવા સવાલો સાથે લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે.

આ રોડ માત્ર કોઈ આંતરિક સોસાયટીનો રસ્તો નથી, પરંતુ ડભોઈથી બોડેલી, વાઘોડિયા તેમજ આસપાસના અસંખ્ય ગ્રામ્ય વિસ્તારોને જોડતો અતિ મહત્વનો અને વ્યસ્ત સંપર્ક માર્ગ છે. આ માર્ગ પરથી દરરોજ સેંકડો નાના-મોટા વાહનો પસાર થાય છે. સ્કૂલ-કોલેજે જતા માસૂમ વિદ્યાર્થીઓ અને નોકરી-ધંધાર્થે જતા શ્રમિકો તેમજ કર્મચારીઓ આ રસ્તેથી હાડમારી વેઠીને અવરજવર કરે છે. રોડની દયનીય સ્થિતિના



કારણે સમગ્ર દિવસ દરમિયાન ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાય છે, જેના કારણે નાગરિકોનો કિંમતી સમય અને ઈંધણ બંને વેડફાઈ રહ્યા છે. રોડ પર પડેલા ઊંડા અને જોખમી ખાડાઓને કારણે ડ્રાઈવિંગ કરવું એટલે મોત સાથે ખેલવા સમાન બની ગયું છે.

બાઈક અને સ્કૂટર ચાલકો અવારનવાર ખાડામાં પટકાઈને સ્લીપ થઈ રહ્યા છે, જેના કારણે અનેક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

વાહનોના સ્પેરપાર્ટ્સ તૂટી જવા અને વારંવાર પંચર પડવાની સમસ્યાથી વાહનમાલિકો આર્થિક નુકસાન વેઠી રહ્યા છે.

રાત્રિના સમયે આ માર્ગ પર પૂરતા અંજવાળાના અભાવે ખાડા નજરે પડતા નથી, જેના કારણે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સતત સેવાઈ રહી છે. સ્થાનિક રહીશો અને વેપારીઓમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સ્પષ્ટ આક્રોશ છે કે જો તંત્ર તાત્કાલિક ધોરણે નવો ડામર રોડ બનાવવામાં અસમર્થ હોય, તો પણ તાત્કાલિક પેચવર્ક કરીને ખાડાઓનું પુરાણ કરવામાં આવે.

## PUC માત્ર કાગળ પર કે લૂંટનું હથિયાર? વાહન ચેક કર્યા વગર સર્ટિફિકેટ આપતા કેન્દ્રો સામે પ્રજામાં ભારે રોષ!

### સેન્ટરો પર ચાલતી આ લૂંટ અને ગેરરીતિઓ છતાં તંત્ર દ્વારા કોઈ જ સઘન ચેકિંગ કે દરોડા પાડવામાં આવતા નથી, પ્રશાસનની આ લાપરવાહીના કારણે ગેરરીતિ આચરનારા પ્રોવાઈડરોની બોલબાલા વધી ગઈ છે

ગુજરાત

વાહનમાંથી નીકળતા ધુમાડાને નિયંત્રિત કરવા અને પર્યાવરણને બચાવવા માટે સરકાર દ્વારા વાહનો માટે 'પીયુસી' (PUC - Pollution Under Control) સર્ટિફિકેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. પરંતુ, વાસ્તવિકતા જમીન પર કંઈક અલગ જ છે. મોટાભાગના પીયુસી સેન્ટરો અને પ્રશાસનની મિલીભગતથી આ નિયમ હવે પર્યાવરણ રક્ષાનું સાધન નહીં, પરંતુ સામાન્ય જનતાને લૂંટવાનું અને ભ્રષ્ટાચાર આચરવાનું 'હથિયાર' બની ગયું હોવાનો ગણગણાટ જોરશોરથી ઉઠી રહ્યો છે. નિયમ એવો છે કે કોઈપણ વાહનની એક્ઝોસ્ટ પાઈપ (સાયલેન્સર) માં મશીન મૂકીને ધુમાડાનું પ્રમાણ ચકાસવામાં આવે અને જો વાહન માપદંડમાં ફિટ બેસે તો જ પીયુસી સર્ટિફિકેટ આપવામાં આવે. પરંતુ, કડવી વાસ્તવિકતા એ છે કે મોટાભાગના પીયુસી પ્રોવાઈડર્સ અને સેન્ટર સંચાલકો વાહનની કોઈ જ તપાસ કરતા નથી. વાહન ચાલક સીધા પૈસા ચૂકવે એટલે ગાડી જોયા વગર જ ટેબલ પરથી પીયુસી સર્ટિફિકેટ પકડાવી દેવામાં આવે છે. જો વાહન ખખડધજ હોય, કાળો ધુમાડો કાઢતું હોય કે પ્રદૂષણના ધોરણો ફેઈલ કરતું હોય, તો પણ વધારાના રૂપિયા લઈને પાસ કરી દેવામાં આવે છે. આના પરથી સાબિત થાય છે કે આખી સિસ્ટમ માત્ર કાગળ પર ચાલી રહી છે અને વાહન પ્રદૂષણ નિયંત્રણના દાવાઓ ખોખલા સાબિત થઈ રહ્યા છે. આ ખુલ્લેઆમ ચાલતા ધંધા સામે સવાલો ઉઠી રહ્યા છે કે શું સંબંધિત પ્રશાસન કે આરટીઓ વિભાગ આ બાબતથી અજાણ છે? સેન્ટરો પર ચાલતી આ લૂંટ અને ગેરરીતિઓ છતાં તંત્ર દ્વારા કોઈ જ સઘન ચેકિંગ કે દરોડા પાડવામાં આવતા નથી. પ્રશાસનની આ લાપરવાહીના કારણે ગેરરીતિ આચરનારા પ્રોવાઈડરોની બોલબાલા વધી ગઈ છે અને નિયમ પાલન કરનાર પ્રજા ઠગાઈ રહી છે. જો કોઈ પ્રમાણિક વાહનચાલક પીયુસી ન કઢાવે, તો ટ્રાફિક પોલીસ દ્વારા હજારો રૂપિયાનો ભારેખમ દંડ ફટકારવામાં આવે છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર | 02 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) ચૂંટણી

# કોંગ્રેસનું માસ્ટરસ્ટ્રોક 'કમિટમેન્ટ' મેનિફેસ્ટો લોન્ચ; ટેક્સ માફીથી લઈને 10,000 ભાગ્યશાળી યુવાનોને રોજગારીના મોટા વાયદા!!

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) ની આગામી ચૂંટણીને લઈને રાજકીય પારો સાતમા આસમાને પહોંચ્યો છે. સત્તાધારી પક્ષને ઘેરવા માટે મેદાને પડેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે પોતાનું અત્યંત આક્રમક અને લોકઉપયોગી વચનપત્ર "કોંગ્રેસનું કમિટમેન્ટ" (મેનિફેસ્ટો) અધિકૃત રીતે લોન્ચ કરવામાં આવ્યું છે. ગાંધીનગરના વિકાસના દાવાઓની પોલ ખોલતા કોંગ્રેસે શહેરીજનોને રીઝવવા માટે




મોટી જાહેરાતોનો વરસાદ કર્યો છે. મેનિફેસ્ટો લોન્ચિંગ દરમિયાન કોંગ્રેસના અગ્રણીઓએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, હરિયાળા અને વ્યવસ્થિત ગ્રીન સિટી તરીકે જાણીતું ગાંધીનગર આજે ભ્રષ્ટાચાર અને બેદરકારીના કારણે 'ખાડાનગર' બની ગયું છે. શહેરના નાગરિકો પાયાની સુવિધાઓ માટે પણ વલખા મારી રહ્યા છે, ત્યારે કોંગ્રેસે જનતાને સીધી રાહત આપવા માટે વચનોનું પોલું ખોલ્યું છે.

સુવિધા નહીં તો ટેક્સ નહીં: કોંગ્રેસે સ્પષ્ટ સૂત્ર આપ્યું છે કે જો નાગરિકોને પાયાની પૂરતી સુવિધાઓ નહીં મળે, તો તેમની પાસેથી વેરો વસૂલવામાં આવશે નહીં. ૨ લાખ રૂપિયાનું એક્સિડન્ટ પ્રીમિયમ: જે નાગરિકો છેલ્લા ૩ વર્ષથી નિયમિતપણે મ્યુનિસિપલ ટેક્સ ભરી રહ્યા છે, તેમને કોર્પોરેશન તરફથી ૨ લાખ રૂપિયાનું દુર્ઘટના વીમા કવચ (એક્સિડન્ટ પ્રીમિયમ) પૂરું પાડવામાં આવશે. ગાંધીનગર મનપા હેઠળ સ્થાનિક સ્તરે ૧૦,૦૦૦ જેટલા યુવાઓને નવી રોજગારીની તકો ઊભી કરી આપવાની ખાતરી આપવામાં આવી છે. શહેરમાં ચાલતી શોષણયુક્ત આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવા માટે કોંગ્રેસે મોટું કમિટમેન્ટ આપ્યું છે. ગાંધીનગરના યુવાનો અને બાળકો માટે શહેરને મોર્ડન લુક આપવા માટે આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, જિમ, લાઈબ્રેરી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે હાઈ-ટેક વ્યવસ્થાઓ ઊભી કરાશે. ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪ બેઠકો પર યોજાનારી આ ચૂંટણી માટે કોંગ્રેસે પોતાના ઉમેદવારોની જાહેરાત સાથે આ વચનપત્ર મેદાને યુદ્ધના ધોરણે ઉતારી દીધું છે.

### કોર્ટ કામગીરી બંધ રાખવાનો નિર્ણય

## ગુજરાત ભાડા વિધેયક-2026 સામે નર્મદા બાર એસોસિએશનનો વિરોધ

રાજપીપળા

રાજપીપળામાં નર્મદા જિલ્લા બાર એસોસિએશને ગુજરાત ભાડા વિધેયક-2026 સામે વિરોધ નોંધાવ્યો છે. સભામાં ઠરાવ પસાર કરી સરકારે વિધેયક પરત ખેંચવા અથવા તેની જોગવાઈઓમાં જરૂરી સુધારા કરવાની માંગ કરી છે.

બાર એસોસિએશનના મતે વિધેયકથી મકાનમાલિકો, ભાડૂઆતો અને નાગરિકોના કાનૂની અધિકારો પર અસર થઈ શકે છે. ન્યાયતંત્રની ભૂમિકા ઘટી અને વહીવટી અધિકારીઓની સત્તા વધવાની આશંકા વ્યક્ત કરી છે, જેના કારણે નાગરિકોને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

વિધેયકના વિરોધમાં 30 સપ્ટેમ્બરથી 3 ઓક્ટોબર, 2026 સુધી તમામ કોર્ટ કામગીરી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ દરમિયાન કોર્ટ બિલ્ડિંગમાં પ્રવેશબંધી, ધરણાં અને ઉપવાસ સહિતના વિરોધ કાર્યક્રમો યોજાશે.

મુખ્યમંત્રી, કાયદા મંત્રી અને રાજ્યપાલને આવેદનપત્ર આપી વિધેયક પરત ખેંચવાની માંગ



કરવામાં આવશે. ગુજરાતના અન્ય વકીલ મંડળોને આંદોલનમાં જોડાવા અપીલ સાથે નાગરિકોને વિધેયકની જોગવાઈઓ અંગે માહિતગાર કરવા કાર્યક્રમો યોજાશે.

### મુખ્યમંત્રીના આગમન પૂર્વે પોરબંદર બંદરે વિરોધનો જોરદાર વિસ્ફોટ

## 'બારાના ડ્રેજિંગમાં કૌભાંડો બંધ કરી રેતીના ડુંગરો તાકીદે હટાવો!'

પોરબંદર

ગુજરાતના મુખ્યમંત્રીના સંભવિત આગમન પૂર્વે જ પોરબંદરથી સરકાર અને વહીવટી તંત્રની ઊંઘ ઉડાડી દે તેવા મોટા સમાચાર સામે આવ્યા છે. ઐતિહાસિક અને વ્યસ્ત એવા પોરબંદર બંદરે (Porbandar Port) અચાનક જ વિરોધનો સૂર બુલંદ થયો છે. સ્થાનિકો, માછીમારો અને વેપારીઓમાં પ્રવર્તતા ભારે આક્રોશ વચ્ચે મુખ્યમંત્રીના સ્વાગત પહેલા જ તંત્ર સામે સવાલોના તીર છૂટ્યા છે.

બારાના ડ્રેજિંગ કામમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને કૌભાંડો ચાલતા હોવાના ગંભીર આક્ષેપો સાથે રોષે ભરાયેલા લોકોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, 'બારાના ડ્રેજિંગના કૌભાંડો બંધ કરો અને બંદર પર જમા થયેલા રેતીના વિશાળ ડુંગરો તાકીદે હટાવો!' પોરબંદર બંદર પરથી રોજબરોજ સેંકડો બોટ માછીમારી માટે દરિયામાં જાય છે અને લાખો રૂપિયાનો વેપાર થાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ડ્રેજિંગ (Dredging) ની કામગીરીમાં ભારે ધાંધલી અને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો સ્થાનિકોનો આરોપ છે. દરિયામાં જવાનું જોખમ: બારા વિસ્તારમાં ડ્રેજિંગ યોગ્ય રીતે ન થવાને કારણે અને બેફામ રેતી જમા થવાથી મોટા-મોટા ડુંગરો બની ગયા છે, જેના કારણે માછીમારોની બોટો આવનજાવન કરતી વખતે અકસ્માતનો ભોગ બને છે. ડ્રેજિંગ પાછળ લાખો-કરોડો રૂપિયાનું પાણી કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત શૂન્ય છે. માત્ર કાગળો પર જ કામ બતાવીને સરકારી તિજોરી ખાલી કરવામાં આવી રહી હોવાનો રોષ લોકો વ્યક્ત કરી રહ્યા છે. જ્યારે રાજ્યના મુખ્યમંત્રી પોરબંદરની મુલાકાતે આવવાના હોય, ત્યારે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવતી હોય છે. પરંતુ આગમન પૂર્વે જ પોરબંદર બંદર પરથી ઉઠેલા આ વિરોધના વંટોળે વહીવટી તંત્રમાં દોડધામ મચાવી દીધી છે. સ્થાનિક આગેવાનો અને માછીમારોએ સરકાર સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે જો સમયસર આ રેતીના ડુંગરો નહીં હટાવવામાં આવે અને કૌભાંડની તપાસ નહીં થાય, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## જો 18 વર્ષ પૂરા થયા હોય તો તક ન ચૂકતા: ચૂંટણી પંચ 4 રવિવારે યોજશે ખાસ મતદાર કેમ્પ

ગાંધીનગર

ચૂંટણી પંચદ્વારા મતદાર યાદી સુધારણા અને નવા મતદારોની નોંધણી માટે વિશેષ ઝુંબેશની જાહેરાત કરવામાં આવી છે. 18 થી 19 વર્ષના યુવાનો તેમજ SIR પ્રક્રિયામાં બાકાત થયેલા મતદારો આગામી 11, 18, 25 ઓક્ટોબર અને 1 નવેમ્બરના રવિવારે સવારે 10 થી સાંજે 5 દરમિયાન પોતાના મતદાન મથક પર ફોર્મ નંબર-6 (Form No. 6) ભરી શકશે. લોકશાહીની પવિત્ર પ્રક્રિયામાં યુવા પેઢીની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા અને એક પણ લાયક નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તે હેતુથી ચૂંટણી પંચ (Election Commission) દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ખાસ કરીને 18 થી 19 વર્ષની વયજૂથના નવયુવાનો પોતાના મતાધિકારની નોંધણી સરળતાથી કરાવી શકે તે માટે રાજ્યભરના તમામ મતદાન મથકો પર રવિવારના દિવસોમાં વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચના જાહેર થયેલા સત્તાવાર કાર્યક્રમ અનુસાર, આગામી ઓક્ટોબર અને નવેમ્બર મહિના દરમિયાન કુલ ચાર રવિવારે આ ખાસ કેમ્પ યોજાશે.

## નાસ્તા જેવી બાબતે મિત્ર બન્યો કાળ: વડોદરાના ગોરવા વિસ્તારમાં યુવક પર ચપ્પુથી જીવલેણ હુમલો

### બોલાચાલી બાદ પેટમાં છરીના ઘા ઝીંકી યુવકને ગંભીર ઇજા, ગોરવા પોલીસે કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો

વડોદરા

વડોદરા શહેરમાંથી કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક હચમચાવનારી ઘટના સામે આવી છે. શહેરના સંવેદનશીલ ગણાતા ગોરવા વિસ્તારમાં માત્ર નાસ્તો કરવા જેવી તદ્દન નજીવી બાબતે મિત્રતાની પીઠમાં ખંજર ભોંકાયું છે. બે મિત્રો વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા નરાધમ મિત્રએ પોતાના જ ભાઈબંધના પેટના ભાગે ચપ્પુના ઘા ઝીંકીને લોહીલુહાણ કરી દીધો હતો અને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ ગંભીર ગુનાની ગંભીરતા નોંધીને વડોદરા શહેરની ગોરવા પોલીસે તાબડતોબ એક્શન મોડમાં આવીને ગણતરીના જ કલાકોમાં હાફ મર્ડરના આ આરોપીને દબૂંચી લીધો છે. મળતી માહિતી મુજબ,



ગોરવા વિસ્તારમાં સાથે બેઠેલા મિત્રો વચ્ચે અચાનક નાસ્તો કરવા બાબતે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. વાત એટલી હદે વધી ગઈ કે સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કરી લીધું. આરોપીએ આવેશમાં આવીને છરી કાઢી હતી અને મિત્રના પેટના ભાગે ઘાતક પ્રહાર કરી દીધા હતા. પેટના ભાગે ગંભીર અને જીવલેણ ઈજાઓ થતાં યુવક લોહીના તળબોથમાં પટકાઈ ગયો હતો અને આરોપી ઘટના સ્થળ પરથી ધાકધમકી આપીને ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ વડોદરા શહેર પોલીસ કમિશનરના આદેશો અનુસાર ગોરવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક હરકતમાં આવ્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી પોલીસે આરોપીને ગણતરીના જ કલાકોમાં શોધી કાઢીને સકંજામાં લઈ લીધો છે.

## અંબાજીમાં ભાદરવી મહામેળામાં નિ:શુલ્ક સેવાના નામે લૂંટ, ટ્રસ્ટમાં ફરિયાદ

### અંબાજી: 43 લાખ ભક્તોની આસ્થા વચ્ચે સેવા કેન્દ્રોમાં ઉઘરાણું, 750 CCTV સામે જ વસૂલાતનો વીડિયો વાયરલ

અંબાજી

અંબાજી ખાતે ભાદરવી પૂનમનો સાત દિવસીય મહામેળો પૂર્ણ થયો. આ વર્ષે મેળામાં 43 લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભક્તોને કોઈ તકલીફ ન પડે તે માટે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા વિશાળ તૈયારીઓ કરવામાં આવી હતી.ભક્તોની સુરક્ષા માટે સમગ્ર મેળા પરિસરમાં 750 જેટલા હાઈ-ટેક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હતા, જેનું કંટ્રોલ રૂમમાંથી 24 કલાક મોનીટરીંગ કરવામાં આવતું હતું. આ ઉપરાંત યાત્રિકો માટે નિ:શુલ્ક અન્નક્ષેત્ર, રહેવા માટે ટેન્ટ સિટી, નિ:શુલ્ક બસ સેવા, આરોગ્ય સેવા અને મંદિરમાં દર્શન માટે આવતા ભક્તો માટે નિ:શુલ્ક પગરખાં અને લગેજ સ્ટેન્ડની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી હતી. નિ:શુલ્કના બોર્ડ નીચે જ પૈસા વસૂલાયા,પરંતુ આ તમામ દાવાઓ વચ્ચે ચોંકાવનારી હકીકત સામે આવી છે. મંદિરની આસપાસ બનાવવામાં આવેલા નિ:શુલ્ક પગરખાં અને લગેજ કેન્દ્રો પર સંચાલકો દ્વારા યાત્રિકો પાસેથી ખુલ્લેઆમ રૂ. 50 અને રૂ. 100 ની ઉઘરાણી કરવામાં આવી હતી. પગપાળા સંઘ સાથે આવતા અને ગામડાઓમાંથી આવતા ભોળા ભક્તો પાસેથી પરાણે પૈસા પડાવવામાં આવતા હોવાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.સૌથી મોટો સવાલ એ છે કે, આ ઉઘરાણી 750 સીસીટીવી કેમેરાની નજર સામે જ થઈ રહી હતી. ટ્રસ્ટના અધિકારીઓ કંટ્રોલ રૂમમાં બેસીને નજર રાખતા હોવા છતાં આ લૂંટ કેમ ન અટકાવી શકાઈ? તેને લઈને ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાદેશિક છાપાઓમાં અહેવાલ બાદ જાગ્યા તંત્ર આ બાબતનો વીડિયો વાયરલ થયા બાદ પ્રાદેશિક સમાચાર પત્રોમાં સમાચાર પ્રસિદ્ધ થયા હતા. ત્યારબાદ અંબાજીના એક જાગૃત નાગરિક દ્વારા આ મામલે અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદારને લેખિત ફરિયાદ આપવામાં આવી છે.ફરિયાદમાં ત્રણ મુખ્ય માંગણીઓ કરવામાં આવી છે: બિલ અટકાવો:* નિ:શુલ્ક સેવાના નામે પૈસા ઉઘરાવનાર એજન્સીનું તમામ પેમેન્ટ અને બિલ તાત્કાલિક અસરથી અટકાવવામાં આવે. બ્લેકલિસ્ટ કરો: આ પ્રકારની ગેરરીતિ આચરનાર એજન્સીને કાળી યાદીમાં નાખી ભવિષ્યમાં કોઈ પણ સરકારી કોન્ટ્રાક્ટ ન આપવામાં આવે. કાયદેસરની કાર્યવાહી: જો જરૂર જણાય તો છેતરપિંડી અને વિશ્વાસભંગ બદલ કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવે. હવે જોવાનું એ રહે છે કે, લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન અંબાજી ધામમાં આવી ઘટના બાદ મંદિર ટ્રસ્ટ કેટલી ઝડપથી ન્યાય અપાવે છે.

### 1થી 3 ઓક્ટોબર કોર્ટ કામગીરીથી અલિપ્ત રહેવાની જાહેરાત!

## વડોદરા વકીલ મંડળનો હુંકાર: 'ગુજરાત ભાડા અધિનિયમ 2026' સામે વિરોધનું બ્યુગલ ફૂંકાયું

વડોદરા

વડોદરાથી એક મોટા અને સનસનીખેજ સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત સરકાર દ્વારા અમલમાં લાવવામાં આવેલા વિવાદાસ્પદ 'ગુજરાત ભાડા અધિનિયમ ૨૦૨૬' સામે રાજ્યભરના વકીલોમાં ભારે રોષ અને અસંતોષ ફેલાઈ ગયો છે. આ કાયદાના વિરોધમાં વડોદરા વકીલ મંડળે મેદાનમાં ઝંપલાવ્યું છે અને સરકાર સામે આક્રમક વલણ અપનાવતા ૧ ઓક્ટોબરથી ૩ ઓક્ટોબર ૨૦૨૬ સુધી તમામ પ્રકારની કોર્ટ કામગીરીથી અલિપ્ત રહીને જોરદાર વિરોધ નોંધાવવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે.



વડોદરા વકીલ મંડળના હોદ્દેદારો અને વકીલોએ મીડિયા સમક્ષ આક્રમક અંદાજમાં વાતચીત કરતા આ કાયદાને સીધેસીધો "કાળો કાયદો" ગણાવ્યો છે.

ભ્રષ્ટાચારને છૂટો દોર: વકીલ મંડળના આક્ષેપ મુજબ, મહેસૂલ વિભાગમાં પહેલેથી જ વ્યાપક ભ્રષ્ટાચાર અને અનિયમિતતાઓ ચાલી રહી છે, ત્યારે આ નવો ભાડા અધિનિયમ અમલી બનવાથી ભ્રષ્ટાચારને વધુ વેગ મળશે અને સામાન્ય પ્રજા તેમજ મિલકત માલિકોનું શોષણ વધશે.

વકીલોનું સ્પષ્ટ માનવું છે કે આ કાયદો જનહિતમાં નથી પરંતુ લોકવિરોધી છે. વકીલ મંડળે સરકાર સમક્ષ માંગ કરી છે કે આ કાયદાને તત્કાલિક અસરથી સંપૂર્ણપણે પાછો ખેંચવામાં આવે.

આ ગંભીર મામલે માત્ર મૌખિક વિરોધ નહીં પરંતુ લેખિતમાં માનનીય મુખ્યમંત્રી શ્રી, મહેસૂલ મંત્રી શ્રી તેમજ રાજ્યપાલ શ્રીને પત્ર લખીને કાયદાની ખામીઓ અને વિરોધ અંગે સત્તાવાર જાણકારી આપી દેવામાં આવી છે. વડોદરા વકીલ મંડળના આ નિર્ણયના કારણે આગામી ૩ દિવસ સુધી વડોદરાની વિવિધ અદાલતોમાં ન્યાયિક કામગીરી પર સીધી અસર પડશે. વકીલોની આ હડતાલ અને અલિપ્ત રહેવાની જાહેરાતથી ન્યાય મેળવવા આવનારા અસીલો અને પક્ષકારોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, પરંતુ વકીલોએ સ્પષ્ટ કરી દીધું છે કે જ્યાં સુધી આ લોકવિરોધી કાયદો પાછો નહીં ખેંચાય ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ જ રહેશે. શું સરકાર વકીલોના આ ભારે વિરોધને ધ્યાનમાં રાખીને 'ગુજરાત ભાડા અધિનિયમ ૨૦૨૬' માં કોઈ ફેરફાર કરશે કે તેને રદ કરશે?

## ગુજરાત સરકારનું 'ઓપરેશન ગંગાજળ' સુપર સક્રિય: ભ્રષ્ટ IAS અધિકારીઓ પર ગાજ વીજળીની જેમ ત્રાટકી, ગૌરવ દહીયા અને કે. રાજેશ ફરજિયાત નિવૃત્ત!

ગાંધીનગર

વહીવટી તંત્રમાં શિસ્ત લાવવા અને ભ્રષ્ટાચાર સામે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવી રહેલી ગુજરાત સરકાર દ્વારા એક અત્યંત સનસનાટીભર્યા અને કડક પગલાં લેવામાં આવ્યા છે. રાજ્ય સરકારના લોકપ્રિય અને ડાકુઓ-ભ્રષ્ટ અધિકારીઓની ઊંઘ હરામ કરી દેતા 'ઓપરેશન ગંગાજળ' હેઠળ એક જ દિવસમાં બે કુખ્યાત IAS અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત (Compulsory Retirement) કરીને ઘરભેગા કરી દેવામાં આવ્યા છે. આ માસ્ટરસ્ટ્રોક એક્શનથી સચિવાલયથી લઈને આખા રાજ્યના ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ફફડાટ અને સન્નાટો છવાઈ ગયો છે. સરકારની આ કિલર ડ્રાઈવ હેઠળ જે બે વરિષ્ઠ IAS અધિકારીઓને પ્રિમેચ્યોર રિટાયરમેન્ટ આપીને કાયમ માટે ઘરના રસ્તા દેખાડવામાં આવ્યા છે તેમાં: 1. ડો. ગૌરવ દહીયા (IAS - ૨૦૧૦ બેચ): ગેરવર્તણૂક, આચરણના ગંભીર પ્રશ્નો અને વિવિધ વિવાદોમાં ઘેરાયેલા આ અધિકારી સામે સરકારે આખરે લાંબા ગાળાના વિલંબ બાદ સપાટો બોલાવી દીધો છે. 2. કે. રાજેશ (IAS - ૨૦૧૧ બેચ / સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર): ભ્રષ્ટાચાર, સરકારી જમીનના દસ્તાવેજોમાં મોટી ગેરરીતિઓ અને આર્મ્સ લાયસન્સ મંજૂર કરવામાં લાંચ લેવાના ગંભીર આક્ષેપોનો સામનો કરી રહેલા કે. રાજેશને પણ સરકારે બક્ષ્યા નથી. સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર તરીકે ફરજ બજાવી ચૂકેલા કે. રાજેશના ભ્રષ્ટાચારના કિસ્સાઓ એક સમયે રાજ્યભરમાં ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. તેમના પર જમીન કૌભાંડો અને આર્મ્સ લાયસન્સ દીઠ લાંચ લેવાના સનસનાટીભર્યા આરોપો લાગ્યા હતા.

### રાજ્યસભાના ભાજપના સાંસદ મુશ્કેલીમાં

## એફિડેવિટમાં ફોજદારી કેસ છુપાવવા બાબતે ગુજરાત હાઇકોર્ટે પાઠવી નોટિસ!

- **જસ્ટિસ એસ.વી. પિન્ટોની કોર્ટે આપ્યા સમન્સ, ભાજપના સાંસદ રાજેશભાઈ પરમાનંદભાઈની મુશ્કેલીઓ વધી**
- **અભણ કે અજાણ નહીં, પરંતુ IPCની ગંભીર કલમો હેઠળના ગુનાઓની માહિતી એફિડેવિટમાં જાણી જોઈને છુપાવ્યાનો ગંભીર આરોપ!**

અમદાવાદ

રાજ્યના રાજકારણમાં અત્યારે એક મોટો ધડાકો થયો છે. તાજેતરમાં રાજ્યસભામાં ચૂંટાયેલા ભાજપના સાંસદ શ્રી રાજેશભાઈ પરમાનંદભાઈની ચૂંટણી સામે ગુજરાત હાઈકોર્ટમાં સત્તાવાર રીતે ઈલેક્શન પીટીશન દાખલ કરવામાં આવી છે. આ ગંભીર કેસમાં તારીખ ૧/૧૦/૨૦૨૬ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ શ્રી એસ.વી.પિન્ટો સાહેબ દ્વારા સાંસદ વિરુદ્ધ સમન્સ (નોટીસ) ઈસ્યુ કરવામાં આવી છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં પીટીશનકર્તા ખુદ કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા શ્રી તુષારભાઈ ચૌધરી છે, જેમણે ચૂંટણી પંચ અને અદાલતના નિયમોના ભંગ બદલ કાયદાકીય શિખંજા કસ્યો છે. ચૂંટણી લડતી વખતે ઉમેદવારે સોગંદનામું (એફિડેવિટ) આપવાનું હોય છે, જેમાં પોતાના પર કોઈ ફોજદારી કેસ (ક્રિમિનલ કેસ) પેન્ડિંગ છે કે નહીં તેની સાચી માહિતી આપવાની હોય છે. આ કેસમાં ભાજપના ઉમેદવાર શ્રી રાજેશભાઈએ એફિડેવિટમાં એવો દાવો કર્યો હતો કે 'મારી સામે કોઈ ફોજદારી કેસ પડતર નથી.' પરંતુ હકીકત આનાથી તદ્દન વિપરીત અને ચોંકાવનારી બહાર આવી છે: ગંભીર ગુનાઓની કલમો: તેમની સામે ઈન્ડિયન પીનલ કોડ (IPC) ની કલમો ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ (છેતરપિંડી, વિશ્વાસઘાત અને દસ્તાવેજોની બનાવટી બનાવવા જેવા ગંભીર ગુનાઓ) હેઠળ કેસ નોંધાયેલા છે. સમન્સ મળ્યા હોવા છતાં છુપાવ્યું: આ ગુનાઓ નોંધાયા બાદ તેમને કાયદેસરના સમન્સ પણ મળી ચૂક્યા છે. આ કેસ રદ કરાવવા માટે તેમણે હાઈકોર્ટમાં ક્વોશિંગ પીટીશન દાખલ કરી છે.

## ભાજપના પૂર્વ નેતાનો કુખ્યાત પુત્ર રેહાન અંસારી ફરી MD ડ્રગ્સ સાથે ઝડપાયો!

સુરત

ગુજરાતને ડ્રગ્સ મુક્ત કરવાના સરકારી દાવાઓની વચ્ચે સુરત શહેરમાંથી યુવાધનને ખોખલું કરતો અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અગાઉ કરોડો રૂપિયાના ડ્રગ્સ કેસમાં જેલની હવા ખાઈ ચૂકેલો સુરત ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ નેતાનો પુત્ર ફરી એકવાર એમડી ડ્રગ્સ (MD Drugs) ના જથ્થા સાથે પુણા પોલીસના સકંજામાં આવી ગયો છે. પૂર્વ નેતાના પુત્રની આ કરતૂતે રાજકીય અને સામાજિક બેડામાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત શહેરના પુણા પોલીસ સ્ટેશનની ટીમને બાતમી મળી હતી કે સુરતના ભાઠેના વિસ્તારમાં નાસ્તાની લારી ચલાવતો અને અગાઉ ગુનાહિત ઈતિહાસ ધરાવતો શખ્સ ડ્રગ્સનો જથ્થો લઈને મોપેડ પર પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસે ન્યુ એપીએમસી ફ્રુટ માર્કેટ પાસેથી વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ મોપેડ ચાલક મોહંમદ રેહાન જમીલ અહમદ અંસારી (ઉં. ૨૮, રહે. પંચશીલનગર, ભાઠેના, સુરત - મૂળ રહે. બીજનૌર, ઉત્તર



પ્રદેશ) ને અટકાવીને તલાશી લીધી હતી. પોલીસે તપાસ કરતા તેની પાસેથી ૩.૨૬ ગ્રામ એમડી ડ્રગ્સ (MD Drugs) (પારદર્શક ઝીપ લોક બેગમાંથી સફેદ-પીળો પાવડર) મોપેડની ડિકીમાંથી બેટરી સંચાલિત નાનો ડિજિટલ વજનકાંટો મોબાઈલ ફોન, રોકડ રૂપિયા ૩૦૦ તથા ઓળખપત્ર સહિતનો શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## તંત્રી લેખ...

# રાજનીતિના ખેલ નિરાળા: અંબાણીની 'યુ ટર્ન' નીતિ અને 2029 માં મોદી સરકારની વિદાયના એંધાણ!

ભારતીય રાજકારણમાં અત્યારે મોટા ભૂકંપના એંધાણ મળી રહ્યા છે. જે મુદ્દાઓ પર અગાઉ માત્ર ગણસાંઠની ચર્ચાઓ થતી હતી, તે હવે ખુલ્લેઆમ સપાટી પર આવી રહી છે. રાહુલ ગાંધીનું એ નિવેદન કે 'મોદી સરકાર લાંબો સમય નહીં ટકે અને હવે સ્ટેજ તૈયાર થઈ રહ્યો છે,' તે હવે માત્ર રાજકીય કટાક્ષ નથી રહ્યો પરંતુ જમીની હકીકતો તરફ ઈશારો કરી રહ્યો છે. દેશના રાજકીય સમીકરણોમાં અત્યારે એવા નાટકીય વળાંકો આવી રહ્યા છે જે આગામી સમયમાં સત્તાના સિંહાસનને હચમચાવી નાખવા માટે પૂરતા છે.

### અંબાણી અને કોંગ્રેસના બદલાતા સંબંધો: એક નવો રાજકીય સમીકરણ

આ સમગ્ર રાજકીય ખેલમાં સૌથી મોટો ટ્વિસ્ટ જો કોઈ હોય, તો તે ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને વિપક્ષી નેતાઓ વચ્ચે બદલાતા સમીકરણો છે. થોડા સમય પહેલાં રાહુલે 'મત ચોરી'ના મુદ્દે પ્રદેશ કોન્ફરન્સ યોજી હતી, જેમાં દેશને બરબાદ કરનારાઓની યાદીમાંથી અચાનક જ મુકેશ અંબાણીનો ફોટો ગાયબ થઈ જવો એ કોઈ સામાન્ય સંયોગ નહોતો.

### તેના જવાબમાં તાત્કાલિક ધોરણે મોટા બદલાવો જોવા મળ્યા:



મીડિયા કવરેજમાં પલટો: અંબાણીની માલિકીની ચેનલોએ પહેલીવાર રાહુલ ગાંધીની વાતચીત અને પ્રેસ કોન્ફરન્સને સંપૂર્ણ અને પોઝિટિવ કવરેજ આપ્યું છે, જે ભૂતકાળમાં કલ્પના બહારનું હતું.

સમાજવાદી પાર્ટીની માસ્ટરસ્ટ્રોક ચાલ: ગઈકાલે જ સમાજવાદી પાર્ટી દ્વારા અંબાણીના અત્યંત નજીકના સહયોગી ગણાતા પરિમલ નથવાણીને રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા છે, જે પડદા પાછળની મોટી રાજકીય ડીલ તરફ ઈશારો કરે છે.

કોંગ્રેસનું નરમ વલણ: કર્ણાટકની કોંગ્રેસ સરકાર દ્વારા પણ હવે અંબાણી ગ્રુપ સામે ખૂબ જ નરમ વલણ અપનાવવામાં આવી રહ્યું છે, અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તાઓ પણ આજકાલ અંબાણી વિરુદ્ધ આક્રમક નિવેદનો આપવાનું ટાળી રહ્યા છે.

### અંબાણીની નારાજગી અને મોદી-અદાણી જૂથ: અંદરખાને શું રંધાઈ રહ્યું છે?

આ તમામ ઘટનાક્રમનો અર્થ સાફ અને સ્પષ્ટ છે. વર્ષ ૨૦૧૨માં ભાજપ અને નરેન્દ્ર મોદીની સરકારને સત્તામાં લાવવા પાછળ જે ઉદ્યોગઘરાણાઓનું પીઠબળ હતું, તેમાં મુકેશ અંબાણી મોખરે હતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દેશના મોટાભાગના સંસાધનો અને કોન્ટ્રાક્ટ્સ અદાણી જૂથને એકાધિકારની જેમ સોંપવામાં આવી રહ્યા હોવાથી અંબાણી જૂથ ભારે નારાજ દેખાઈ રહ્યું છે.

જમીની જનઆક્રોશ અને બદલાતા પવનોની દિશાને મુકેશ અંબાણી બખૂબી સમજી ગયા છે. તેઓ સારી રીતે જાણે છે કે જનતાનો ગુસ્સો હવે વર્તમાન શાસકો સામે ચરમસીમાએ પહોંચી રહ્યો છે, અને તેથી જ તેઓ સમય પારખીને પોતાના રાજકીય પાસાં બદલી રહ્યા છે.

### ભવિષ્યની મોટી ભવિષ્યવાણી: 2027 અને 2029 નું ચિત્ર

જો આ બદલાતા સમીકરણો અને અંદરખાને રંધાઈ રહેલી રાજનીતિનું પૃથ્થકરણ કરવામાં આવે, તો આગામી સમય માટે દિવાલ પર સ્પષ્ટ અક્ષરે લખેલું વંચાય છે:

1. વર્ષ ૨૦૨૭ - યોગીની યુપીથી વિદાય: ઉત્તર પ્રદેશના રાજકીય સમીકરણો અને અંદરખાને ગોઠવાયેલી બાજી આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે, જે યોગી આદિત્યનાથની સરકાર માટે ઉત્તર પ્રદેશમાં વિદાયની ઘંટી વગાડી શકે છે.

2. વર્ષ ૨૦૨૯ - કેન્દ્રમાંથી મોદી સરકારની વિદાય: ઉદ્યોગ જગતના મોટા પાયાના સપોર્ટ વિના અને જનતાના અસહ્ય મોંઘવારી તથા બેરોજગારીના રોષ વચ્ચે દિલ્હીની સત્તા પર બિરાજમાન મોદી સરકાર ૨૦૨૯ સુધી ટકવી મુશ્કેલ બનશે.

દેશમાં હવે નવો પવન ફૂંકાઈ રહ્યો છે, અને આ બદલાવ દેશના રાજકીય ઈતિહાસને કાયમ માટે બદલી નાખવા માટે સજ્જ થઈ ચૂક્યો છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સેબીનો ચોંકાવનારો ખુલાસો: ઇન્ટ્રાડે ટ્રેડિંગ એટલે કૂવામાં કૂદવા સમાન! કરોડપતિ બનવાના સપના જોતા યુવાનો કેમ થઈ રહ્યા છે બરબાદ?

શેર બજારને લઈને સામાન્ય લોકોમાં એક બહુ મોટી ગેરસમજ પ્રચંડ વેગે ફેલાયેલી છે કે, અહીં રાતોરાત અમીર બની શકાય છે. પરંતુ, માર્કેટના નિયામક સેબી (SEBI) દ્વારા શેર માર્કેટના ડેટાના આધારે સામે આવેલા આંકડાઓએ સૌ કોઈની આંખો ખોલી નાખી છે. સેબીના રિપોર્ટ મુજબ, ઇન્ટ્રાડે ટ્રેડિંગ (Intraday Trading) કરનારા 90% લોકો પોતાની મહેનતની કમાણી ગુમાવીને ખાડે જાય છે!

તે છતાંય, રોજના હજારો રૂપિયા કમાવવાની ઘેલછામાં આજના યુવાનો અને ટ્રેડર્સ આ કડવી વાસ્તવિકતા સ્વીકારવા તૈયાર નથી અને પોતાની મૂર્ખતા છોડવાનું નામ નથી લઈ રહ્યા.

### ઇન્ટ્રાડે ટ્રેડિંગ: સટ્ટો કે લોટરી?

ઘણા લોકો શેર બજારને જુગાર કે લોટરીનો ખેલ સમજે છે. તેમને એમ હોય છે કે આજે સવારે શેર ખરીદીને સાંજે વેચી દઈશું અને મોટો નફો થઈ જશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે શેર બજારમાં નફો ક્યારેય કોઈ લોટરી લાગવા જેવો હોતો નથી.

ઈન્ટ્રાડે ટ્રેડિંગ એ પ્રોફેશનલ માર્કેટર્સ અને ચાર્ટ એનાલિસ્ટ્સનો ખેલ છે. જે લોકો વગર જ્ઞાને, માત્ર ટિપ્સના ભરોસે કે લાલચમાં આવીને ઈન્ટ્રાડે કે ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (F&O) માં કૂદી પડે છે, તેઓ હકીકતમાં પોતાના પગ પર કુહાડી મારે છે. આ માર્કેટ લોટરીની ટિકિટ નથી,




જ્યાં કિસ્મત ચમકી જશે; અહીં તો જ્ઞાન વગર કરાયેલ વેપાર સીધો બરબાદી તરફ જ લઈ જાય છે.

### સાચું રોકાણ: સોસાયટીમાં પ્લોટ જેવું લાંબા ગાળાનું ભાથું

જેવી રીતે કોઈ સમજદાર વ્યક્તિ સારી સોસાયટી કે પોશ વિસ્તારમાં પ્લોટ કે પ્રોપર્ટી ખરીદીને લાંબો સમય સાચવી રાખે છે, અને સમય જતાં તેના ભાવ અનેકગણા વધી જાય છે, બિલકુલ તેવી જ રીતે શેર માર્કેટ કામ કરે છે.

મજબૂત ફંડામેન્ટલ્સવાળી કંપનીઓ: જો તમે સારી, મજબૂત અને ટ્રસ્ટેડ કંપનીના શેરોમાં લાંબા ગાળા માટે (Long Term Investment) રોકાણ કરો છો, તો સમયની સાથે ડિવિડન્ડ અને બોનસ શેર દ્વારા તમારી મૂડી સુરક્ષિત રહે છે અને બેફામ વળતર મળે છે.

ધીરજનું ફળ: વેપાર કે ખેતીની જેમ શેર માર્કેટમાં પણ પાક તૈયાર થવા માટે સમય જોઈએ. રાતોરાત ધનવાન બનવાની લાલચ હંમેશાં પાયમાલી જ લાવે છે.

### વગર સમજે રોકાણ એટલે આર્થિક આત્મહત્યા!

આજે સોશિયલ મીડિયા પર ગમે તેવા નકલી ફાઈનાન્શિયલ ઈન્ફ્લુએન્સર કે અન્ય કોઈ અજાણ્યા વ્યક્તિની સલાહથી કે પોતાની પાયાની સમજ વિના શેર બજારમાં નાણાં રોકવા એ સીધી આર્થિક આત્મહત્યા કરવા સમાન છે. જો તમે તમારી મહેનતની કમાણી બીજાની અંધાધૂંધ સલાહ પર પાણીમાં નાખશો, તો તમને નફા કરતા અનેકગણી વધુ ખોટ જ મળશે અને આખી મૂડી ધોવાઈ જશે.

### વાચકો માટે વિશેષ ચેતવણી:

જો તમારે શેર બજારમાં ટકી રહેવું હોય અને આર્થિક રીતે સધ્ધર બનવું હોય, તો શોર્ટ-કટ એટલે કે ઈન્ટ્રાડેના રવાડે ચઢવાનું બંધ કરો. યોગ્ય અભ્યાસ કરો, કંપનીના બેલેન્સશીટ અને બિઝનેસ મોડેલને સમજો અને લાંબા ગાળાના રોકાણ (Long-term Wealth Creation) ના મંત્રને અપનાવો.

યાદ રાખો, શેર માર્કેટ એ કોઈ જુગારઘર નથી, પણ દેશની શ્રેષ્ઠ કંપનીઓનો ભાગીદાર બનવાની સુવર્ણ તક છે–ફરક માત્ર એટલો છે કે તમે તેને કઈ નજરે જુઓ છો!

# પદ્મશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબની જન્મભૂમિ ચરાડવામાં લાયબ્રેરી અને મ્યુઝિયમનું લોકાર્પણ: એક પ્રેરણાદાયી સંસ્મરણ




ગુજરાતની ધરતીએ અનેક રત્નો પેદા કર્યા છે, જેમણે પોતાના પુરુષાર્થ અને સેવાભાવથી માત્ર ગુજરાત જ નહીં પરંતુસમગ્ર દેશ અને દુનિયામાં નામ રોશન કર્યું છે. આવા જ એક મહાન વિભૂતિ એટલે કે હળવદ તાલુકાના ચરાડવા ગામના મૂળ વતની અને સમગ્ર ગુજરાતનું ગૌરવ સમાન પદ્મશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબ.

વિદેશની અત્યંત આકર્ષક અને ધીગતી કમાણીને લાત મારીને ડૉ. ત્રિવેદી સાહેબે ભારત ભૂમિને જ પોતાની કર્મભૂમિ બનાવી. અમદાવાદમાં વિશ્વકક્ષાની વિશાળ કિડની હોસ્પિટલ (IKDRC) ની સ્થાપના કરીને તેમણે કિડનીના ગંભીર રોગોથી પીડિત હજારો-લાખો લાચાર દર્દીઓને નવજીવન બક્ષવાનું દિવ્ય કાર્ય કર્યું છે. તેમના માટે વતનનું દરેક દર્દી પોતાના પરિવારના સભ્ય સમાન હતું; જ્યારે પણ ચરાડવાથી કોઈ દર્દી અમદાવાદ સારવાર માટે જતો, ત્યારે ડૉ. સાહેબ જાતે અંગત ધ્યાન રાખીને તેમને ઘર જેવી જ હુંફ આપતા અને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તેની ખાસ તકેદારી રાખતા.

### જન્મભૂમિ ખાતે ભવ્ય લોકાર્પણ મહોત્સવ

આવા મહાન કર્મયોગી અને માનવતાના મસીહા પદ્મશ્રી ડૉ. એચ.એ. ત્રિવેદી સાહેબની પવિત્ર જન્મભૂમિ ચરાડવા ખાતે, અન્ય એક લોકપ્રિય સમાજસેવક અને હાસ્યકાર પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા એક ભવ્ય લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ દિવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમની વિશેષ માહિતી નીચે મુજબ છે:

સ્થળ: શ્રી રણછોડરાય મંદિર ચોક, પદ્મશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબનું જન્મસ્થળ, ચરાડવા, તા. હળવદ.

તારીખ: આગામી ૫ ઓક્ટોબર

સમય: સાંજે ૪:૦૦ કલાકે

મુખ્ય અતિથિ / લોકાર્પણકર્તા: વિશ્વ વંદનીય સંત પરમ પૂજનીય શ્રી રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી) ના વર હસ્તે આ લાયબ્રેરીનું લોકાર્પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમના આમંત્રણ કાર્ડમાં ગૂગલ મેપનું લોકેશન પણ આપવામાં આવ્યું છે, જેને સ્પર્શ કરવાથી (ટચ કરવાથી) સીધું જ ગૂગલ મેપમાં લોકેશન ખુલી જશે, જેથી પધારનાર મહેમાનોને પહોંચવામાં સરળતા રહે.

### એક વસમી વાસ્તવિકતા અને વિરોધનો અસંતોષ

એક તરફ ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબે અમદાવાદ ખાતે આઈ.કે.ડી. આર.સી. (IKDRC) હોસ્પિટલ સંકુલમાં દર્દીઓ અને લોકોની યાદગીરી માટે એક સુંદર મ્યુઝિયમ બનાવ્યું હતું, જેથી તેમની સેવાઓ અને ઈતિહાસ યુવા પેઢી સુધી જીવંત રહે. પરંતુ અત્યંત દુઃખ સાથે નોંધવું પડે છે કે, સંકુલના નવા ડાયરેક્ટર પ્રાંજલ મોદી દ્વારા આ યાદગાર મ્યુઝિયમને તોડી પાડવામાં આવ્યું છે અને તેની જગ્યાએ 'એકાઉન્ટ ઓફિસ' બનાવવામાં આવી છે. મહાનુભાવોના સેવાકાર્યો અને તેમની સ્મૃતિઓને આ પ્રકારે નષ્ટ કરવી એ ગુજરાતની જનતા અને દર્દીઓ માટે ભારે આઘાતજનક છે.

### આવો, સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ

જ્યારે ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા ચરાડવા ખાતે લાયબ્રેરીના નિર્માણ દ્વારા ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબના વિચારોને અને વારસાને જીવંત રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે, ત્યારે આપણે સૌએ આ પવિત્ર અવસરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મહાનુભાવોને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ.

# આકાશમાં મોતનો ખેલ: ઓમાની કો-પાયલટે વિમાન ક્રેશ કરવાનો કર્યો ભયાનક પ્રયાસ

## મૂળ ગુજરાતી કેપ્ટન સ્મિત મચ્છરની દેવદૂત સમાન અદમ્ય બહાદુરીથી 174 મુસાફરોના જીવ બચ્યા!

**અમદાવાદ / દુબઈ / તાબુક:**

આકાશમાં હજારો ફૂટની ઊંચાઈએ ઉડતા વિમાનમાં જો કોઈ કો-પાયલટ જ વિમાનને પાતાળમાં હોમવા પર ઉતરી આવે, તો શું થાય? ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ દુબઈથી તેલ અવીવ (ઈઝરાયેલ) જઈ રહેલી ફ્લાયદુબઈ (Flydubai) ની ફ્લાઈટ FZ1073 માં બનેલી ઘટનાએ આખી દુનિયાના રુંવાડા ઊભા કરી દીધા છે. કોકપીટની અંદર સર્જાયેલા આ લોહિયાળ સંઘર્ષમાં મૂળ ગુજરાતી અને ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર ની લોખંડી મનોબળ અને અદભુત સૂઝબૂઝે એક મોટી આકાશી હોનારતને ટાળીને 9/11 જેવી દુર્ઘટના થતી અટકાવી દીધી છે.

કોકપીટમાં ખૂની ખેલ: ઓમાની કો-પાયલટનું ખતરનાક શત્રુવટ ભર્યું પગલું

ઘટનાક્રમ મુજબ, ફ્લાઈટ જ્યારે હવામાં સામાન્ય ઉડાણ ભરી રહી હતી, તે દરમિયાન ઓમાનના એક સહ-પાયલટે (Co-Pilot) અચાનક પોતાની માનસિક સ્થિતિ ગુમાવી કે કોઈ ઘાતક ઈરાદા સાથે વિમાનને ક્રેશ કરવાના હેતુથી મુખ્ય પાઈલટ પર હુમલો કરી દીધો.

જ્યારે કેપ્ટન સ્મિત મચ્છરે તેને આ આત્મઘાતી પગલું ભરતા અટકાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે હુમલાખોર કો-પાયલટે પોતાની પાસે રહેલી છરી (ચાકુ) વડે કેપ્ટન સ્મિત પર જીવલેણ હુમલો કરી દીધો. આ અચાનક થયેલા હુમલામાં કેપ્ટન સ્મિતને શરીર પર અનેક ગંભીર ઘા લાગ્યા અને તેઓ લોહીલુહાણ થઈ ગયા.

૧૭,૪૦૦ ફૂટ નીચે ધસી ગયું વિમાન: મોત



સામે જંગ

હુમલાખોરના અંકુશ અને અંધાધૂંધીના કારણે વિમાન અચાનક હવામાંથી આશરે ૧૭,૪૦૦ ફૂટ જેટલું નીચે તરફ (Dive) ધસી ગયું હતું. વિમાનમાં સવાર ૧૭૪ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. પરંતુ, ગંભીર રીતે ઘાયલ હોવા છતાં અને અસહ્ય પીડા વચ્ચે પણ કેપ્ટન સ્મિત મચ્છરે હિંમત હારી નહીં. તેમણે લોહી વહેતું હોવા છતાં વિમાનના કંટ્રોલ પરથી પોતાની પકડ છોડી નહીં અને હુમલાખોર સાથે જબરદસ્ત સંઘર્ષ ચાલુ રાખ્યો. આ કપરી પરિસ્થિતિમાં પણ પોતાની હાજરી બતાવતા કેપ્ટન સ્મિતે સમયસૂચકતા વાપરીને કોકપીટનો દરવાજો ખોલી નાખ્યો, જેના કારણે કેબિનમાં હાજર અન્ય ક્રૂ મેમ્બર્સ અને સાહસિક મુસાફરો તાત્કાલિક અંદર દોડી આવ્યા અને તે ઓમાની હુમલાખોર પાઈલટને દબોચીને કાબૂમાં લઈ લીધો. તે જ ક્ષણે કટોકટીનો આકાશી સિગ્નલ (Squawk) પણ ફેલાવી દેવામાં આવ્યો હતો.

સાઉદી અરેબિયાના તાબુક એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ: જીવદાયી સુરક્ષા

હુમલાખોર પર કાબૂ મેળવ્યા બાદ, ભારે લોહી વહી ગયા હોવા છતાં કેપ્ટન સ્મિત અને તેમની ટીમે હિંમત રાખીને ફ્લાઈટની દિશા બદલી અને નજીકમાં આવેલા સાઉદી અરેબિયાના તાબુક (Tabuk) એરપોર્ટ પર વિમાનનું અત્યંત કુશળતાપૂર્વક સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું. વિમાન જમીન પર ઉતરતાની સાથે જ સાઉદી સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને હુમલાખોર પાઈલટની ધરપકડ કરી લીધી હતી. લોહીલુહાણ હાલતમાં રહેલા કેપ્ટન સ્મિત મચ્છરને તુરંત જ તાબુકની સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# 2 ઓક્ટોબર : રાષ્ટ્રને પ્રેરણા આપતા બે મહાન પુરુષોની જયંતી

આજે ૨ ઓક્ટોબરે સત્ય અને અહિંસાના માર્ગે દેશને સ્વાતંત્ર્યની દિશા આપનાર મહાત્મા ગાંધી તથા સાદગી, પ્રામાણિકતા અને દૃઢ નિશ્ચયના પ્રતીક એવા દેશના દ્વિતીય વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતી નિમિત્તે દેશભરમાં બંને મહાનુભાવોને સ્મરણ કરવામાં આવે છે. ગાંધીજીનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૮૬૯ના રોજ ગુજરાતના પોરબંદરમાં થયો હતો. દક્ષિણ આફ્રિકાના અનુભવો બાદ તેમણે સત્યાગ્રહનો માર્ગ અપનાવ્યો અને ભારતમાં ચંપારણ, ખેડા, અમદાવાદ મિલ મજૂર આંદોલન, દાંડીકૂચ તથા ૧૯૪૨ની 'ભારત છોડો' ચળવળ દ્વારા સ્વાતંત્ર્ય આંદોલનને જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું હતું.



ગાંધીજી રાજકીય નેતા ઉપરાંત સમાજસુધારક પણ હતા. સ્વદેશી, ખાદી, સ્વચ્છતા, અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા અને ગ્રામસ્વરાજ તેમના જીવનના મુખ્ય આદર્શો રહ્યા. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો બાદ પણ તેઓ સામાજિક એકતા અને શાંતિ માટે કાર્યરત રહ્યા. ગાંધીજીના સત્ય અને અહિંસાના વિચારોની વૈશ્વિક અસરને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૦૦૭થી ૨ ઓક્ટોબરને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે જાહેર કર્યો છે.

આ જ દિવસે ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ ઉત્તર પ્રદેશના મુગલસરાઈમાં લાલબહાદુર શાસ્ત્રીનો જન્મ થયો હતો. ગરીબી અને સંઘર્ષ વચ્ચે ઉછરેલા શાસ્ત્રીજી કાશી વિદ્યાપીઠમાંથી 'શાસ્ત્રી'ની પદવી મેળવી સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા અને અનેકવાર જેલવાસ ભોગવ્યો. આઝાદી બાદ રેલવે મંત્રી અને ગૃહ મંત્રી સહિતની જવાબદારીઓ સંભાળ્યા બાદ ૯ જૂન, ૧૯૬૪ના રોજ દેશના વડાપ્રધાન બન્યા. એક રેલ દુર્ઘટનાની નૈતિક જવાબદારી સ્વીકારી રેલવે મંત્રીપદેથી રાજીનામું આપીને તેમણે જાહેર જીવનમાં નૈતિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

વડાપ્રધાન તરીકેના ટૂંકા કાર્યકાળમાં ખાદ્ય સંકટ અને ૧૯૬૫ના યુદ્ધ જેવા પડકારો વચ્ચે શાસ્ત્રીજીએ 'જય જવાન, જય કિસાન'નો નારો આપ્યો હતો. અન્ન ઉત્પાદનમાં આત્મનિર્ભરતા અને હરિત ક્રાંતિના પાયા તથા દૂધ ઉત્પાદનના વિકાસ માટે આણંદ સાથેના જોડાણમાં પણ તેમનું યોગદાન રહ્યું. ૧૧ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ તાશ્કંદમાં તેમનું અવસાન થયું અને મરણોપરાંત તેમને 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા. ગાંધીજી અને શાસ્ત્રીજીના જીવનમાં સત્યનિષ્ઠા, સાદગી અને રાષ્ટ્રસેવાનો સમાન સૂર જોવા મળે છે; તેમના આદર્શો આજે પણ સમાજ માટે પ્રેરણારૂપ છે.

**- કેતન મહેતા, ભરૂચ.**

# 2008 અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ: ફાંસીની સજા પામેલા દોષિતને સુપ્રીમ કોર્ટમાંથી મોટો રાહત, મૃત્યુદંડના અમલ પર રોક

**નવી દિલ્હી**

અમદાવાદને હચમચાવી નાખનારા ૨૦૦૮ના કુખ્યાત સિરિયલ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. દેશની સર્વોચ્ચ અદાલતે આ ભયાનક કેસમાં મૃત્યુદંડની સજા પામેલા એક દોષિતને મોટી રાહત આપતા તેની ફાંસીની સજાના અમલ પર રોક લગાવી દીધી છે. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચેલા અહેમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવીની અરજી પર સુનાવણી કરતા કોર્ટે આ વચગાળાનો આદેશ જારી કર્યો છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠનો મહત્વનો આદેશ, આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટના દિગ્ગજ ન્યાયમૂર્તિઓની બનેલી ખંડપીઠે આ કેસની સુનાવણી હાથ ધરી હતી: ખંડપીઠના ન્યાયમૂર્તિઓ: ન્યાયમૂર્તિ વિક્રમ નાથ, ન્યાયમૂર્તિ સંદીપ મહેતા અને ન્યાયમૂર્તિ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખાસ બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. ગુજરાત સરકારને નોટિસ: કોર્ટે દોષિત બરેલવીની અરજીને ગ્રાહ્ય રાખીને રાજ્ય સરકારને સત્તાવાર નોટિસ જારી કરી છે અને સાથે જ ફાંસીની સજાના અમલ પર સ્ટે મૂકી દીધો છે.

બરેલવીના વકીલની મુખ્ય દલીલો અને બચાવ

સુનાવણી દરમિયાન દોષિત અહેમદ બાવા ઉર્ફે અબ્બુ અબુબકર બરેલવી વતી હાજર રહેલા વકીલે કોર્ટમાં જોરદાર દલીલો રજૂ કરી હતી. વકીલે જણાવ્યું હતું કે નીચલી કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા બરેલવીને દોષિત ઠેરવવાનો અને મૃત્યુદંડ ફટકારવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે, તે સંપૂર્ણપણે માત્ર 'ષડયંત્ર અને કાવતરા'ના પાયા વગરના આરોપો પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, અહેમદ બાવા બરેલવી એ ૩૮ દોષિતોમાંથી એક છે, જેને ૨૦૦૮ના અમદાવાદ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો કેસમાં નીચલી કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી અને ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટે પણ આ સજાને યથાવત રાખી હતી.

૨૦૦૮ના સિરિયલ બ્લાસ્ટ: અમદાવાદનો કાળો દિવસ

૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ ગુજરાતના પાટનગર અમદાવાદમાં એક પછી એક ૭૦ મિનિટમાં ૨૧ જેટલા બોમ્બ વિસ્ફોટો થયા હતા, જેમાં ૫૬ નિર્દોષ નાગરિકોના મોત નીપજ્યા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. આ ભારતની સૌથી મોટી આતંકવાદી ઘટનાઓમાંની એક હતી, જેના ન્યાયિક ઈતિહાસમાં ફાંસીની સજા પામેલા દોષિતોની સજા સામેની અપીલો અને કાયદાકીય લડાઈઓ હજુ પણ સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટના આ તાજા આદેશથી હાલ પૂરતો ફાંસીના અમલ પર રોક લાગી ગઈ છે, પરંતુ આગામી દિવસોમાં આ કેસમાં શું નયા મોડ આવે છે તેના પર સમગ્ર દેશની નજર રહેશે!



### છોટાઉદેપુરમાં ઓરસંગ નદીના ચેકડેમના દરવાજા લગાવવાનું ભૂલ્યા!

# ચાર કરોડથી વધુના ખર્ચે બનાવેલા ચેકડેમમાં પાણી રોકવાની કામગીરીમાં બેદરકારીનો આક્ષેપ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર નગરપાલિકાને પીવાના પાણીની તંગી ન પડે તે માટે સરકાર દ્વારા ચાર કરોડથી વધુના ખર્ચે ઓરસંગ નદી ઉપર ચેકડેમ બનાવવામાં આવ્યો હતો. આ ચેકડેમ બન્યા બાદ છોટાઉદેપુર નગરપાલિકાને પીવાના પાણીની સમસ્યામાં રાહત મળી હતી. જોકે, આ વર્ષે છોટાઉદેપુર જિલ્લામાં ઓછો વરસાદ પડ્યો હોવા છતાં ઓરસંગ નદીમાં પાણી આવ્યા બાદ ચેકડેમમાં પાણી રોકી શકાય તે માટે જરૂરી દરવાજા સમયસર લગાવવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. ઓરસંગ નદીમાં ચોમાસા દરમિયાન પાણી આવ્યું ત્યારે ચેકડેમના



આશરે 60 જેટલા દરવાજા લગાવવાની કામગીરી નગરપાલિકાના સત્તાધીશો દ્વારા સમયસર કરવામાં આવી ન હોવાનું સામે આવ્યું છે. હાલ ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે ચેકડેમના દરવાજા ન લગાવવાના કારણે નદીમાં આવેલું પાણી વહી ગયું છે. છોટાઉદેપુર નગરપાલિકાના સત્તાધીશો ચેકડેમની જાળવણી તેમજ પાણી બચાવવા માટેની કામગીરીમાં નિષ્ફળ રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ઓરસંગ નદી આ ચોમાસામાં બે વખત બે કાંઠે આવી હતી, પરંતુ જિલ્લામાં ઓછો વરસાદ પડ્યો હોવાથી હવે ઓરસંગ નદી ધીમે ધીમે સુકાઈ રહી છે. નગરપાલિકાના સત્તાધીશો દ્વારા જણાવવામાં આવે છે કે થોડા દિવસોમાં ચેકડેમના દરવાજા લગાવી દેવામાં આવશે. પરંતુ હવે જ્યારે ચોમાસું પૂર્ણ થવાની અણી પર છે અને વરસાદ પણ જતો રહ્યો છે ત્યારે ચેકડેમના દરવાજા લગાવ્યા બાદ તેનો કેટલો ફાયદો થશે તેવો સવાલ ઊભો થયો છે. છોટાઉદેપુર નગરને પીવાનું પાણી પૂરું પાડતી ઓરસંગ નદી ધીમે ધીમે સુકાઈ રહી છે ત્યારે આગામી ઉનાળામાં છોટાઉદેપુર શહેરમાં પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાવાની શક્યતા ઊભી થઈ છે. છોટાઉદેપુર નગરપાલિકાની હાલની વસ્તી આશરે 45 હજાર જેટલી છે. ઉનાળાની ઋતુમાં શહેરમાં પીવાના પાણીની માંગમાં વધારો થાય છે. આવી સ્થિતિમાં નગરપાલિકા નર્મદાના પાણી ઉપર આધારિત થઈ જાય છે. જો નર્મદાના પાણીની પાઈપલાઈનમાં લીકેજ થાય અથવા પાણી પુરવઠામાં કોઈ સમસ્યા ઊભી થાય તો છોટાઉદેપુર નગરમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ શકે તેવી સ્થિતિ છે. એક તરફ છોટાઉદેપુર નગરપાલિકામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવે છે, ત્યારે બીજી તરફ પાણી બચાવવા માટેની મહત્વની કામગીરીમાં બેદરકારી કેમ રાખવામાં આવી તે અંગે સવાલો ઊભા થયા છે.

# વાવ-થરાદ જિલ્લામાં ગેરકાયદેસર ગર્ભપાત અટકાવવા તંત્રની કડક કાર્યવાહી

### ડિસ્ટ્રિક્ટ લેવલ કમિટીની બેઠકમાં ગેરકાયદેસર ગર્ભપાત સામે પગલાં અંગે વિસ્તૃત ચર્ચા

**વાવ-થરાદ, રાજેશ જોષી**

નવ રચિત વાવ-થરાદ જિલ્લામાં ગેરકાયદેસર ગર્ભપાતની પ્રવૃત્તિઓને અટકાવવા તથા આવી પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવા જિલ્લા કક્ષાએ કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ અંગે 30 સપ્ટેમ્બર, 2026ના રોજ થરાદ ખાતે સરકારી હોસ્પિટલમાં ડિસ્ટ્રિક્ટ લેવલ કમિટી (District Level Committee)ની બેઠક યોજાઈ હતી. મુખ્ય જિલ્લા તબીબી અધિકારી (CDMO) ડૉ કે સી માથુર ના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી(CDHO) ડૉ જી.બી. ગઢવી સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં જિલ્લામાં ગર્ભ પરીક્ષણ કેન્દ્રો માટે માન્યતા મેળવવા આવેલી અરજીઓ તેમજ સંબંધિત સ્થળોની ચકાસણી અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન રજૂ થયેલી બે અરજીઓનો સવિસ્તાર અભ્યાસ



કર્યા બાદ સમિતિ દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં ગેરકાયદેસર ગર્ભપાત જેવી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા માટે નિયમોનું પાલન, જરૂરી ચકાસણી અને કાયદેસરની કાર્યવાહી અંગે પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

### ટ્રકનો કચ્ચરઘાણ વળી ગયો, ST ડ્રાઈવર ગંભીર; 14 ઈજાગ્રસ્ત

# ગીર ગઢડાના બેડીયા ગામે અકસ્માત, પૂરઝડપે આવતી ST બસ અને ટ્રક વચ્ચે અકસ્માત, 2ના મોત

**ઉના, કૈલૈશ ભટ્ટ**

ગીર ગઢડા તાલુકાના બેડીયા ગામે પૂરઝડપે આવતી ST બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ટ્રક ચાલક સહિત બે લોકોના મોત થયા છે. જ્યારે 14 લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત એટલો ભયંકર હતો કે, બન્ને વાહનોમાં ભારે નુકસાન થયું છે. ટ્રકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. ટ્રકમાં સવાર મજુરો કપાસની ગાડી ભરવા જતા હતા અને અકસ્માત થયો હતો. અમરેલી એસ.ટી વિભાગીય નિયામક બી.ડી. પટેલે જણાવ્યું કે, આજે નડિયાદ વિભાગની નડિયાદ-ઝાલોદ-ઉના બસ બેડીયા નજીક ટ્રક સાથે



અથડાતા ગંભીર અકસ્માત થયો છે. જેમાં ટ્રકમાં સવાર 5 લોકો અને બસમાં સવાર નવ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. તેમજ બસના ચાલકની હાલત ગંભીર છે. આ અકસ્માતમાં ટ્રક ચાલક અને ક્લીનરનું મોત થયું છે. હાલ એસ.ટી.વિભાગે અકસ્માત અંગે તપાસ હાથ ધરી છે.

ST બસના ડ્રાઈવરને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતને કારણે રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. પોલીસ અને STના અધિકારીઓ સહિતનો કાફલો સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. બીજી તરફ ઉનાની સરકારી હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. મૃતકના પરિવારજનો પર આભ ફાટ્યાની સ્થિતિ સર્જાઈ છે.

'અમે કપાસની ગાડી ભરવા મજુરીએ જતા હતા' ઈલેશ વાઘેલાએ જણાવ્યું કે, અમે કપાસની ગાડી ભરવા મજુરીએ જતા હતા.

વાચાથી મજુરોને બેસાડ્યા હતા. આ દરમિયાન એસટી બસવાળાએ મોરે મોરો આવવા દીધી હતી. અમે ગાડીને ઘણી નીચે ઉતારી હતી, પણ છતાંય બસ આવવા દીધી હતી. બે-ત્રણ લોકોને ગંભીરઈજા પહોંચી છે. અમે ટ્રકના ડ્રાઈવર સહિત 8 લોકો ટ્રકમાં સવાર હતા.

# છોટાઉદેપુરના બોર્ડર વિલેજમાં વીજ પુરવઠો ખોરવાતા ખેડૂતોનો રોષ, તેજગઢ વીજ કચેરી બહાર ધરણાં

### 50 જેટલા ગામોના ખેડૂતો એકત્રિત થયા, "વીજ પુરવઠો આપો, આપો"ના નારાથી કચેરી ગુંજી ઉઠી

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર તાલુકાના બોર્ડર વિલેજ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વીજ પુરવઠો ખોરવાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વીજળીની સમસ્યાથી પરેશાન આશરે 50 જેટલા ગામોના ખેડૂતો આજે તેજગઢ ખાતે આવેલી મધ્ય ગુજરાત વીજ કંપનીના ડેપ્યુટી એન્જિનિયરની કચેરી બહાર એકત્રિત થઈ ધરણા પર બેસી ગયા હતા. ખેડૂતોએ "વીજ પુરવઠો આપો, આપો" અને "મધ્ય ગુજરાત વીજ કંપની હાય હાય" જેવા સૂત્રોચ્ચાર કરી તાત્કાલિક વીજ પુરવઠો પૂર્વવત કરવાની માંગ કરી હતી. બોર્ડર વિલેજ વિસ્તારમાં



મોટી સંખ્યામાં ખેડૂતોએ ડાંગર, મકાઈ સહિતના પાકનું વાવેતર કર્યું છે. હાલ પાક અંતિમ તબક્કામાં પહોંચ્યો હોવાથી સિંચાઈ માટે પાણીની ખાસ જરૂરિયાત ઊભી થઈ છે. વરસાદ અપેક્ષા મુજબ ન પડતા ખેડૂતો સિંચાઈ માટે વીજળી આધારિત પંપસેટ પર નિર્ભર છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી નિયમિત વીજ પુરવઠો ન મળતા ખેડૂતોની મુશ્કેલી વધી છે. ખેડૂતોના જણાવ્યા મુજબ વીજ લાઈનમાં ખામી સર્જાયા બાદ અનેક વખત મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ અને અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં સમયસર સમારકામ ન થતાં વીજ પુરવઠો પૂર્વવત થયો નથી. વીજ પુરવઠો ખોરવાતા ખેતી ઉપરાંત ગામડાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા પર પણ અસર પડી રહી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. વીજળીના અભાવે પાણીની મોટરો બંધ રહેતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડૂતોનું કહેવું છે કે, "વારંવાર રજૂઆત કરીને થાકી ગયા છીએ. હવે કચેરી બહાર બેસીને અમારી સમસ્યા તંત્ર સુધી પહોંચાડવી પડી રહી છે." ખેડૂતોએ સરકાર દ્વારા સિંચાઈ માટે પૂરતી વીજળી આપવાના દાવા સામે પણ સવાલો ઉઠાવ્યા છે.

# ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ એક આરોપી ઝડપાયો

### કુલ ધરપકડનો આંકડો 42 પર પહોંચ્યો

**ભાવનગર**

તા. ૧૮/૦૮/૨૦૨૬ના રોજ વરતેજ પોલીસ સ્ટેશન હદમાં અકસ્માત મોતનો ગુનો નોંધાયા બાદ મિથેનોલયુક્ત ઝેરી દારૂ હોવાનું બહાર આવતા કુલ ૨૧ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. ડી.જી.પી. જી.એસ. મલિકની સૂચનાથી તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન અત્યાર સુધી કુલ ૪૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઝેરી કેમીકલયુક્ત દારૂ બનાવવામાં સંડોવાયેલા આરોપીઓએ ભેગા મળી દારૂ તૈયાર કર્યો હતો. તેના પેકિંગ માટે પુંઠા, કાચની ખાલી બોટલો, ઢાંકણા, સ્ટીકર સહિતની સામગ્રી અલગ-અલગ જગ્યાએથી એકત્ર કરવામાં આવી હતી. દારૂ બનાવવાની પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવનાર લાડુ લાલ ઉર્ફે ગણેશ સ/ઓ શ્યામલાલ ખારોલ (ઉં.વ. ૨૨), રહે. મહેન્દ્રગઢ ગામ, થાણા કારોઈ, તા. સહાડા, જી. ભીલવાડા, રાજસ્થાનને તા. ૩૦/૦૯/૨૦૨૬ના રોજ સાંજે ૬:૪૫ કલાકે ઝડપી લેવાયો હતો.

તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી ગૌતમ સોલંકી લાંબા સમયથી ગણેશ ખારોલના સંપર્કમાં હતો અને બંનેએ ગૌતમ સોલંકીના ઘરે નકલી દારૂ (લઠ્ઠો) બનાવવાનું નક્કી કર્યું હતું. નકલી દારૂ બનાવવા અને પેકિંગ માટેની જરૂરી ચીજવસ્તુઓ ગણેશ ખારોલે એકત્ર કરી હતી. લઠ્ઠાકાંડ બાદ લોકોના મૃત્યુ થવાની જાણ થતાં ગણેશ ગુજરાત છોડીને ફરાર થયો હતો અને ભાગતી વખતે અન્ય આરોપીઓને મોબાઈલ સહિતના પુરાવા નષ્ટ કરવા જણાવ્યું હતું.

# પોરબંદરમાંથી બે-બે કેબિનેટ મંત્રી હોવા છતાં પ્રજા વનાણા ટોલ નાકાથી લૂંટાઈ રહી છે: બસપા

### ગેરકાયદેસર વનાણા ટોલનાકા અને હાઈવે ઓથોરિટીની દાદાગીરી સામે વિરોધ પ્રદર્શિત કરતી બહુજન સમાજ પાર્ટી

**ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર જિલ્લા બહુજન સમાજ પાર્ટી (બસપા) દ્વારા એક યાદીમાં જણાવાયું છે કે પોરબંદરની જનતાએ જેમને જંગી મત આપ્યા છે, તેવા રાજ્ય અને કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે બિરાજમાન હોવા છતાં છેલ્લા ૨૦ મહિનાથી ગેરકાયદેસરના વનાણા ટોલ નાકાથી પ્રજા લૂંટાઈ રહી છે. મહાનગરપાલિકાની હદમાં આ ટોલનાકું આવેલું હોવા છતાં અને સત્તાધારી પક્ષની મહાનગર પાલિકામાં જંગી બહુમતી હોય મતલબ કોઈ વિરોધ કરવાવાળું ન




હોવા છતાં આ પ્રશ્ન ઉકેલાતો નથી, જેને લઈને જનતામાં રોષ જોવા મળી રહ્યો છે. બસપાના જિલ્લા મહાસચિવ દિને શ વી. માંડવીયાએ જણાવ્યું છે કે લાખો રૂપિયાની ટોલ નાકા દ્વારા લૂંટ ખુલ્લે આમ થઈ રહી છે છતાં સત્તાધારી પક્ષ ને પ્રજાની પીડાનો કોઈ અહેસાસ થતો નથી. બસપાના જિલ્લા મહાસચિવ દિનેશ વી. માંડવીયાએ વધુમાં જણાવ્યું અને ઉમેર્યું હતું કે બહુજન સમાજ પાર્ટી હાઈવે ઓથોરિટી અને ટોલનાકાના સંચાલકોની દાદાગીરી સામે અંતિમ ચરણ સુધી લડત આપશે. આ ગેરકાયદેસર ટોલનાકું દૂર કરાવવામાં આવશે અને ૨૦ મહિનાથી ઉઘરાવવામાં આવેલ ટોલ ટેક્સ પણ પરત અપાવવા માટે લડત ચલાવાશે. આ મુદ્દે ટૂંક સમયમાં જ જનતાને સાથે રાખીને વિરોધ કાર્યક્રમોનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવશે.

# ઓડદર ખાતે મુખ્યમંત્રીના આગમન પૂર્વે આપ નેતાઓની LCB પોલીસ દ્વારા અટકાયત

**ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ**

પોરબંદર જિલ્લાના ઓડદર ખાતે મુખ્યમંત્રીના આગમન પૂર્વે ખેડૂતોની ગંભીર સમસ્યાઓ તેમજ પોરબંદર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે રજૂઆત કરવા જઈ રહેલા આમ આદમી પાર્ટીના કુતિયાણા વિધાનસભા પ્રભારી મેરૂભાઈ ઓડેદરા અને રાણાવાવ તાલુકા પ્રમુખ નિલેશભાઈ વસરાની પોરબંદર LCB દ્વારા રાણા કંડોરણા બસ સ્ટેન્ડ પરથી અટકાયત કરવામાં આવી હોવાનો આપ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. આપના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષે પોરબંદર જિલ્લામાં ઓછા વરસાદના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે અને ખેતીને થયેલા નુકસાનને પગલે ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. ખેડૂતોની સમસ્યાઓ અંગે રજૂઆત કરવા તથા પોરબંદર જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે નેતાઓ જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા.

આ અંગે આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે, રાજ્યમાં દારૂ અને ડ્રગ્સ જેવા અસામાજિક દૂષણો સામે કડક કાર્યવાહી કરવામાં સરકાર નિષ્ફળ રહી છે, જ્યારે ખેડૂતો અને પ્રજાના પ્રશ્નો અંગે લોકશાહી ઢબે રજૂઆત કરવા જતા વિપક્ષી નેતાઓને પોલીસ કાર્યવાહી દ્વારા રોકવામાં આવે છે. આપ નેતાઓએ જણાવ્યું હતું કે, પોલીસ કાર્યવાહી કે અટકાયતથી ખેડૂતો અને આમ આદમી પાર્ટીનો અવાજ દબાવી શકાય નહીં.

# સાધલીમાં હડકાયા કૂતરાનો આતંક, 21થી વધુ લોકોને બચકાં ભર્યા

### બાળકો સહિત લોકો ઇજાગ્રસ્ત થતાં ગામમાં ફફડાટ; આરોગ્ય કેન્દ્રમાં રાતથી સારવાર ચાલુ

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર તાલુકાના સાધલી ગામે તારીખ 30 સપ્ટેમ્બર ના રોજ હડકાયા કૂતરાએ વિવિધ વિસ્તારોમાંથી 8 બાળકો તથા મોટાને કરડીને ઈજાગ્રસ્ત કર્યા હતા, અને આજરોજ તારીખ 1 ઓક્ટોબર વહેલી સવારથી બીજા 13 ઉપરાંત વ્યક્તિઓને બચકાં ભરીને ઈજાગ્રસ્ત કરવામાં આવ્યા હતા. ગઈકાલે રાત્રે તથા આજે દવાખાનામાં આવેલા તમામ ઈજાગ્રસ્તોને સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય સ્ટાફ દ્વારા એન્ટિ-રેબીઝ વેક્સિન (ARV ), TT વેક્સિન તથા આર.આઈ.જી . જરૂરિયાતમંદ તમામ અસરકર્તા ને આપવામાં આવી હતી.તથા ત્યાં ડ્રેસિંગ



કરીને તાત્કાલિક ધોરણે સારવાર આપવામાં આપી સરાહનીય કામગીરી કરી હતી. તથા નોંધણી કરીને અગાઉ કઈ તારીખે ફરીથી એ.આર.વી. વેક્સિન લેવા આવવાનું છે ,તેની સમજણ આપી હતી. ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલને જાણ થતાં તાત્કાલિક સરકારી દવાખાને આવી ઈજાગ્રસ્તોની મુલાકાત લઈ જરૂરી શાંત્વના આપી હતી. તારીખ 30 સપ્ટેમ્બર સાંજના પાંચ વાગ્યા પછી કૂતરું કરડવાના બનાવો બનતાં આખા બજારમાં તથા ગામમાં સન્નાટો ફેલાઈ ગયો હતો અને બજારો સુમસામ બની ગયા હતા. લોકો હાથમાં દંડા લઈને સાવચેતી રાખી રહ્યા હતા. બપોરે આ કૂતરુ મરી ગયા ના સમાચાર જાણ્યા પછી લોકોએ હાશકારો અનુભવ્યો હતો. હાલમાં સાધલી માં વાંદરાઓ ,ભૂંડો , કુતરાઓ અને મચ્છરોનો ત્રાસ વધી ગયો છે. અને આ હડકાયા કુતરાથી 21 લોકો ઈજાગ્રસ્ત થતાં ગામમાં ચિંતાનો માહોલ ઊભો થયો હતો. સાધલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રાત્રિના સમયે હાજર આરોગ્ય કર્મીએ સુંદર અને સફળ સેવા આપી હતી અને આજે સવારથી મેડિકલ ઓફિસર ડોક્ટર રોહન પટેલ અને ડોક્ટર હરેશ યાદવ ની હાજરીમાં એક તરફ બ્લડ ડોનેશન કેમ્પ ચાલુ હોવા છતાં ઈજાગ્રસ્ત લોકોને અવિરત સેવા ચાલુ રાખી હતી, એ ખૂબજ પ્રશંસનીય કામગીરી હતી.

# 17 વર્ષ ભારતીય સેનામાં સેવા આપી વતન પરત ફરેલા જવાનનું ઉમલ્લા ખાતે ભવ્ય સ્વાગત

**ઝઘડિયા**

ઝઘડિયા તાલુકાના ખાખરીપુરા ગામના વિજયભાઈ વસાવા 17 વર્ષ ભારતીય સેનામાં સેવા આપી વતન પરત ફર્યા છે. તેમણે દેશના અલગ-અલગ વિસ્તારોમાં ફરજ બજાવી હતી, જ્યારે તેમની છેલ્લી ફરજ રાજસ્થાનના જેસલમેર બોર્ડર પર હતી.



17 વર્ષ સુધી દેશની સરહદોની સુરક્ષા કર્યા બાદ ખાખરીપુરા પરત ફરેલા વિજયભાઈ વસાવાનું ઉમલ્લા ચાર રસ્તા ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ ફૂલહાર પહેરાવી ઉત્સાહભેર તેમનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ઝઘડિયા ધારાસભ્ય રિતેશ વસાવા, પૂર્વ ભરૂચ જિલ્લા પ્રમુખ મહેન્દ્રસિંહ વાસાદીયા અને નટુભાઈ વસાવા સહિત ગામના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉમલ્લા ખાતે જવાનના સ્વાગત સમયે દેશભક્તિનો માહોલ છવાયો હતો.

### વિદ્યાર્થીઓની રેલીથી ગુંજી ઊઠ્યું સમગ્ર પરિસર

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ભચાઉ ST ડેપોમાં સ્વચ્છતાનો સંકલ્પ

**ભચાઉ, રૂપેશ સોલંકી**

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજ રોજ તા. ૦૧ ઓક્ટોબર, ૨૦૨૬, ગુરુવારના રોજ ભચાઉ એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ કેળવવા યોજાયેલા આ અભિયાનમાં એસ.ટી. વિભાગના કર્મચારીઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાઈ સ્વચ્છતા પ્રત્યેની સામૂહિક જવાબદારીનો સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે ભચાઉ એસ.ટી. ડેપોના ડેપો મેનેજર શ્રી મયુર રાઠોડ સાહેબ તથા એસ.ટી. વિભાગના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભચાઉ તાલુકા શિવસેના પ્રમુખ શ્રી કુલદીપસિંહ જાલા પણ અભિયાનમાં જોડાયા હતા. શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ભચાઉના આચાર્ય શ્રી પ્રકાશકુમાર ચંપકલાલ પંડિત સાહેબના માર્ગદર્શન હેઠળ શાળાના સિનિયર શિક્ષક તેમજ અખિલ



ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગ, કચ્છ જિલ્લાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી રૂપેશભાઈ સોલંકી સાહેબ, શિક્ષક શ્રી દર્શન ચૌધરી સાહેબ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" જેવા પ્રેરણાદાયી નારા સાથે જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓના સ્વચ્છતા સંદેશથી સમગ્ર એસ.ટી. ડેપો પરિસર ગુંજી ઊઠ્યું હતું. રેલી બાદ વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત સૌએ ડેપો પરિસરમાં સ્વચ્છતા જાળવવા માટે શ્રમદાન કર્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ માત્ર પરિસરની સફાઈ પૂરતો સીમિત ન રહેતા સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જવાબદારી અને જાગૃતિની ભાવના વધુ પ્રબળ બનાવવાનો હતો. વિદ્યાર્થીઓએ સ્વચ્છ પરિસર, સ્વચ્છ શહેર અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે સ્વચ્છતાને દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાનો સંદેશ આપ્યો હતો.



### આ કોલાબ્રેશન થશે તો ખરેખર આ ફિલ્મ એક મોટા બજેટની હોવાનું સાબિત થશે

# પ્રિયંકાની 14 વર્ષની ઈચ્છા પૂરી થાય એવા એંધાણ, સૈફઅલી ખાન સાથે જોવા મળશે નવી ફિલ્મમાં

મુંબઈ

સૈફઅલી ખાન અને પ્રિયંકા ચોપરા બન્ને બોલિવૂડની દુનિયામાં રહેલા સ્ટાર્સના મોટા નામ છે, ફિલ્મમેકર આ બન્ને નામને નક્કી કરતા પહેલા એમના દામ અંગે અચૂક ચર્ચા કરતા હોય છે. બોલિવૂડ હિન્દી ઈન્ડસ્ટ્રીમાં સૈફઅલી ખાને 33 વર્ષ કામ કર્યું છે. જ્યારે પ્રિયંકા ચોપરા 24 વર્ષથી કામ કરી રહી છે. આજે આ નામ એવા છે જેને ખાસ કોઈ પ્રકારની ઓળખાણની જરૂર નથી. ચોંકાવનારી વાત એ છે કે, બન્નેની સાથે કોઈ જ ફિલ્મ આવી નથી. હવે એવું લાગી રહ્યું છે કે, પ્રિયંકા ચોપરા અને સૈફની કોઈ ફિલ્મ આવી શકે છે. આ કોલાબ્રેશન થશે તો ખરેખર આ ફિલ્મ એક મોટા બજેટની હોવાનું સાબિત થશે. જો ખરેખર આવું થયું તો પ્રિયંકા ચોપરાની સૈફ સાથે કામ કરવાની ઈચ્છા પૂરી થશે. 14 વર્ષની ઈચ્છાપૂરી થશે. રિપોર્ટ અનુસાર વર્ષ 2013માં ફિલ્મમેકર રિતેશ બત્રાએ એક ફિલ્મ બનાવી હતી. લંચબોક્સ ફિલ્મના ડાયરેક્ટર સૈફ અને પ્રિયંકા સાથે વાતચીત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ વાતચીત હવે ફાઈનલ થઈ જશે તો સૈફ અને પ્રિયંકા એક ફિલ્મી પ્રોજેક્ટ માટે ફાઈનલ થઈ શકે છે. આ પહેલીવાર બની રહ્યું છે કે, બન્ને સુપરસ્ટાર એકસાથે જોવા મળશે. હાલમાં આ પ્રોજેક્ટને લઈ ખાસ કોઈ જાણકારી સામે આવી નથી. વર્ષ 2012માં સૈફ સાથે કામ કરવાની ઈચ્છા પ્રિંયકાએ વ્યક્ત કરી હતી. સૈફને શાનદાર એક્ટર કહ્યા હતા. સૈફ સાથે બેથી ત્રણ ફિલ્મ કરવાની પ્રિયંકાની ઈચ્છા હતી પણ શેડ્યુલ સહિત કેટલાક પ્રોજેક્ટને લઈને મેળ ન આવતા કોઈ કામ થયું નહીં. રિતેશ બત્રા સાથે વાત પાક્કી થઈ ગઈ તો પ્રિયંકાની આ ઈચ્છા પૂરી થઈ શકે છે. પ્રિયંકા ચોપરા રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે. આ ફિલ્મ 11 એપ્રિલ 2027ના રોજ રિલીઝ થઈ રહી છે. આઠ વર્ષના બ્રેક બાદ પ્રિયંકા સિનેસ્ક્રિન પર જોવા મળશે. આ પછી એમની પાસે બીજા કેટલાક બોલિવૂડ અને હોલિવૂડના પ્રોજેક્ટ છે. એવું જાણવા મળ્યું છે. આ પછી પણ તે બોલિવૂડની ફિલ્મોમાં કંટીન્યૂ કરી શકે છે. આ પ્રોજેક્ટ માટે તે વારાણસી, મુંબઈ બાદ હૈદરાબાદ સુધી શુટિંગ માટે પહોંચી હતી. હૈદરાબાદમાં તેણે પતિ નિક અને મહેશબાબુ સાથે એક નાઈટઆઉટ પણ કર્યું હતું. વર્ષ 2019માં તેની ફિલ્મ 'ધ સ્કાઈ ઈઝ પિંક' માં તે જોવા મળી હતી.

**લંચબોક્સ ફિલ્મના ડાયરેક્ટર સૈફ અને પ્રિયંકા સાથે વાતચીત કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું**

# મુશ્તાક ખાનની પ્રેયર મીટમાં પહોંચ્યા સેલિબ્રિટીઝ

## અભિનેતાને યાદ કરીને અંજન શ્રીવાસ્તવ ભાવુક થયા; પ્રેયર મીટમાંથી રાજપાલ યાદવને ભગાડવાનો દાવો ખોટો







મુંબઈ

મુંબઈમાં બુધવારે અભિનેતા મુશ્તાક ખાનની પ્રાર્થના સભા યોજાઈ. પ્રાર્થના સભામાં પૂનમ ઢિલ્લોં, રાજપાલ યાદવ, રાહુલ રોય, કિરણ કુમાર, અનિલ શર્મા સહિત બોલિવૂડના અનેક કલાકારો અને તેમના સહયોગીઓ ઉપસ્થિત રહ્યા. દરમિયાન, પ્રાર્થના સભા દરમિયાન દિગ્ગજ અભિનેતા અને 'વાગલે કી દુનિયા' ફેમ અંજન શ્રીવાસ્તવ મુશ્તાક ખાનને યાદ કરતાં ભાવુક થઈ ગયા. તેમણે મુશ્તાક ખાનની પ્રશંસા કરતાં તેમને એક 'સુપર ડુપર હિટ' લીડર ગણાવ્યા. મુશ્તાક ખાનની પ્રાર્થના સભામાંથી રાજપાલ યાદવનો વીડિયો વાઈરલ થયો. જેને લઈને કેટલાક પાપારાઝી પેજે દાવો કર્યો કે રાજપાલ યાદવને પ્રાર્થના સભામાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા. વીડિયોમાં એક મહિલા કહે છે કે લાગે છે કે તમારે બહાર જવું પડશે. મેં તમને સમજાવ્યું, પરંતુ તમે સમજી રહ્યા નથી. હદ છે, આ સેલ્ફી લેવાનો સમય છે. જોકે, આ વીડિયોનું સત્ય એ છે કે રાજપાલ યાદવને પ્રેયર મીટમાંથી બહાર કાઢવામાં આવ્યા નહોતા. હકીકતમાં, જ્યારે તેઓ પ્રેયર મીટ પૂરી થયા બાદ બહાર નીકળી રહ્યા હતા, ત્યારે ત્યાં હાજર પાપારાઝી અને કેટલાક ચાહકો તેમની સાથે તસવીરો અને સેલ્ફી લેવા લાગ્યા.

# સ્વરા ભાસ્કરનો ખુલાસો: ડાયરેક્ટર નશામાં દરવાજો ખખડાવવા આવ્યો હતો

## 'રાઈઝ એન્ડ ફોલ'નાં લેટેસ્ટ એપિસોડમાં સ્વરા ભાસ્કરે જણાવ્યું હતું કે હવે તેના પાછળ પણ ફિલ્મના ડાયરેક્ટર પડી ગયો હતો

મુંબઈ

બોલીવુડમાં ઘણીવાર તમે અનેક એવી કહાનીઓ સાંભળી હશે જ્યા અભિનેત્રીઓ કહે છે કે ડાયરેકટર્સ હંમેશાં તેમને પરેશાન કરે છે. તેની સાથે ખરાબ વાતો કરે છે. હવે 'રાઈઝ એન્ડ ફોલ'નાં લેટેસ્ટ એપિસોડમાં સ્વરા ભાસ્કરે જણાવ્યું હતું કે હવે તેના પાછળ પણ ફિલ્મના ડાયરેક્ટર પડી ગયો હતો. સ્વરા ભાસ્કરે કહ્યું કે રાતે તે નશાની હાલતમાં તેના દરવાજા પાસે આવ્યો હતો.

અભિનેત્રી સ્વરા ભાસ્કર હાલમાં રિયાલિટી શો 'રાઈઝ એન્ડ ફોલ સીઝન 2' માં જોવા મળી રહી છે. શોના તાજેતરના એપિસોડમાં સ્વરાએ પોતાના જીવનનો એક ચોંકાવનારો અનુભવ અન્ય સ્પર્ધકો સાથે શેર કર્યો હતો. તેણે જણાવ્યું કે એક વખત તેની ફિલ્મના ડિરેક્ટરે નશાની હાલતમાં રાત્રે તેના રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. સ્વરાના જણાવ્યા અનુસાર, આ સમગ્ર ઘટનાથી તે ખૂબ જ ડરી ગઈ હતી. સ્વરાએ તેજ પ્રતાપ યાદવ, રાજ ગ્રોવર અને પ્રિયંકા ચહર ચૌધરી સાથે વાતચીત દરમિયાન આ ઘટના વિશે જણાવ્યું હતું. તેણે જણાવ્યું કે, 'તનુ વેડ્સ મનુ' બાદ તે એક ફિલ્મમાં કામ કરી રહી હતી, ત્યારે ફિલ્મનો ડિરેક્ટર તેને વારંવાર મેસેજ મોકલતો હતો અને શાયરી પણ મોકલતો હતો. ખાસ વાત એ હતી કે બંને સામસામે બેઠા હોય ત્યારે પણ ડિરેક્ટર તેને મેસેજ કરતો રહેતો હતો. સ્વરાએ આગળ જણાવ્યું કે ફિલ્મમાં તેનો એક રોમેન્ટિક સીન હતો અને ડિરેક્ટરે આ સીનની રિહર્સલ કરવાની વાત કરી હતી. જ્યારે અભિનેત્રીએ પૂછ્યું કે રિહર્સલ કોણ કરશે, ત્યારે ડિરેક્ટરે તે બંને સાથે રિહર્સલ કરવાની વાત કરી હતી. સ્વરાએ તેનો ઈનકાર કરતાં કહ્યું હતું કે જો રિહર્સલ કરવી હોય તો હીરો, કેમેરાપર્સન સહિત આખી ટીમને બોલાવવામાં આવે, જેથી સીનની યોગ્ય રીતે રિહર્સલ થઈ શકે. ત્યાર બાદ જ્યારે સ્વરા રિહર્સલ માટે ગેસ્ટ હાઉસમાં પહોંચી, ત્યારે ત્યાંનું દૃશ્ય જોઈને તે ગભરાઈ ગઈ હતી. સ્વરાના જણાવ્યા પ્રમાણે, તે ગેસ્ટ હાઉસમાં તે એકમાત્ર મહિલા હતી અને ડિરેક્ટર તથા સિનેમેટોગ્રાફર ત્યાં દારૂ પી રહ્યા હતા.





# કરીના કપૂરના શોમાં અચાનક પહોંચી શાહિદ કપૂરની પત્ની

## મીરા કરીના કપૂરના ખાનના ચેટ શૉ વ્હાટ વિમેન વોન્ટમાં પણ જોવા મળશે

મુંબઈ

બોલીવુડની સક્સેફૂલ એક્ટ્રેસ કરીના કપૂરની રિલેશનશીપ એક સમયે શાહિદ કપૂર સાથે હતી. આ કપલ્સના અફર્સની ચર્ચા જોરશોરથી ઊઠી હતી. એક લાંબા સમય સુધી બન્ને એકબીજા સાથે ડેટ કરી રહ્યા હતા. વર્ષ 2004થી 2007 સુધી બન્ને એકબીજાના પ્રેમમાં હતા. એવી ચર્ચા છે. પણ અચાનક બ્રેકઅપ થઈ જતા બંન્નેએ પોતાની રાહ અલગ કરી દીધી. એ પછી જ્યારે પણ બન્ને એકબીજાની સામે આવતા હતા એ સમયે થોડું અસહજ ફીલ કરતા હતા. પણ હવે કિસ્સો એક એવો બન્યો છે કે, જે ફેન્સ માટે ચોંકાવનારો સાબિત થયો. મીરા કરીના કપૂરના ખાનના ચેટ શૉ વ્હાટ વિમેન વોન્ટમાં પણ જોવા મળશે. શુટિંગ ખતમ થઈ ગયું બન્ને એક્ટ્રેસે આનું શુટિંગ પણ કરી લીધું છે. સેટ પરથી બન્નેની એક તસવીર પણ સામે આવી છે. આ તસવીર સામે આવતા ફેન્સ જોરશોરથી ચર્ચા કરી રહ્યા છે તો કોઈ આશ્ચર્ય પામી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર બન્નેએ એકબીજા પર ભરપૂર પ્રેમ વરસાવ્યો હતો.આ જોઈને ફેન્સ ચોંકી ગયા હતા અને કેટલાકે તો લખી દીધુ કે, આવું તો ક્યારેય વિચાર્યું ન હતું. કરીના કપૂરે ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શૉર કરી છે. જેમા મીરા રાજપૂત જોવા મળી રહી છે. મીરાએ પણ કરીના કપૂરના શૉમાં પહોંચી સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શૉર કરી હતી. આ તસવીર સાથે મીરાએ કરીના કપૂરને ટેગ કરી હતી. કરીનાના વખાણ કર્યા હતા. આ પોસ્ટ પર એક્ટ્રેસે પણ જવાબ આપ્યો હતો. પોસ્ટ સામે આવતા ફેન્સ પણ દિલ ખોલીને કોમેન્ટ કરી રહ્યા છે. ફોટોમાં બન્ને ખુશ જોવા મળી રહી છે.

આ તસવીર શૉર કરતા કરીનાએ લખ્યું હતું કે, શૉમાં બેહદ વૉર્મ એન્ડ લવલી મીરા. કરીનાની પોસ્ટ પરથી સ્પષ્ટ થાય છે કે, શૉમાં મીરાની હાજરી તેના માટે પણ ખાસ હતી. બંનેનો આ સુંદર ફોટો અને કરીનાનો સંદેશ જોઈને ચાહકો વચ્ચે તેમના સંબંધો વિશેની ચર્ચાઓ વધુ વેગવંતી બની છે.

# અજય દેવગનની 'દૃશ્યમ 3' નવો રેકોર્ડ બનાવશે? રિતિક રોશનની 'વૉર'નો રેકોર્ડ જોખમમાં

મુંબઈ

બોલીવુડ સુપરસ્ટાર અજય દેવગનની બહુચર્ચિત ફિલ્મ 'દૃશ્યમ 3: ધ કન્ક્લૂઝન' 2 ઓક્ટોબર, ગાંધી જયંતીના દિવસે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મની રિલીઝ પહેલાં જ તેની એડવાન્સ બુકિંગે બોક્સ ઓફિસ પર ભારે ચર્ચા જગાવી છે. ખાસ વાત એ છે કે ફિલ્મ પાસે 2 ઓક્ટોબરે રિલીઝ થયેલી ફિલ્મોમાં સૌથી મોટી ઓપનિંગનો રેકોર્ડ પોતાના નામે કરવાની તક છે. હાલ આ રેકોર્ડ રિતિક રોશન અને ટાઈગર શ્રોફની 2019માં આવેલી ફિલ્મ 'વૉર'ના નામે છે.

'વૉર'નો રેકોર્ડ શું છે?

ઋતિક રોશન અને ટાઈગર શ્રોફની 'વૉર' બીજી ઓક્ટોબર 2019ના રિલીઝ થઈ હતી. ફિલ્મે પોતાના પહેલા જ દિવસે ભારતીય બોક્સ ઓફિસ પર 53.35 કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ સાથે 'વૉર' 2 ઓક્ટોબરે રિલીઝ થયેલી ફિલ્મોમાં સૌથી મોટી ઓપનિંગ મેળવનારી ફિલ્મ બની હતી. ફિલ્મનું વર્લ્ડવાઈડ કલેક્શન આશરે 471 કરોડ રૂપિયા રહ્યું હતું. હવે સાત વર્ષ બાદ અજય દેવગનની 'દૃશ્યમ 3' આ રેકોર્ડની નજીક પહોંચી રહી છે. એડવાન્સ બુકિંગમાં કમાણી 'દૃશ્યમ 3'ની એડવાન્સ બુકિંગને જોતા ફિલ્મની શરૂઆત મજબૂત રહેવાની શક્યતા છે. એક અહેવાલ મુજબ, આ ફિલ્મે બ્લોક સીટ્સ વગર 28.80 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન નોંધાયું હતું. આ સાથે જ બ્લોક સીટ સહિત 36.25 કરોડ રૂપિયાના ગ્રોસ કલેક્શન સુધી પહોંચી છે. રિપોર્ટ્સ અનુસાર 'દૃશ્યમ 3' ભારતમાં પહેલા દિવસે 40 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરી શકે છે. કેટલાક અંદાજો ફિલ્મની ઓપનિંગને 50થી 60 કરોડ રૂપિયા ની રેન્જમાં પણ મૂકે છે.



## વિશ્વના ઉભરતા 7 એથ્લીટ્સમાં સ્થાન મેળવનાર એકમાત્ર ક્રિકેટર

# 15ની ઉંમરે TIME મેગેઝિનની યાદીમાં છવાયો વૈભવ સૂર્યવંશી

મુંબઈ

વૈભવ સૂર્યવંશીને ટાઈમ મેગેઝિનની 2026ની TIME 100 Next યાદીમાં સ્થાન મળ્યું છે. તે આ યાદીમાં સામેલ એકમાત્ર ભારતીય છે. 15 વર્ષના વૈભવને રમતગમત જગતના ઝડપથી ઉભરી રહેલા સ્ટાર્સ એટલે કે રાઈઝિંગ સ્ટાર્સની કેટેગરીમાં સ્થાન આપવામાં આવ્યું છે. તે આ યાદીમાં સૌથી નાની ઉંમરનો સભ્ય છે. આ દુનિયાના ઉભરતા તારાઓની યાદી છે, જેમાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપથી ઓળખ બનાવી રહેલા લોકોને સામેલ કરવામાં આવે છે. યાદીમાં 7 ખેલાડીઓને સામેલ કર્યા છે. તેમાં વૈભવ એકમાત્ર ક્રિકેટર છે. અમેરિકન ફૂટબોલર આર્ચીબાલ્ડ મેનિંગ, NBA ખેલાડી ટાયરિસ મેક્સી,



ફૂટબોલર નાઓમી ગિર્મા અને ફોલારિન બાલોગન, ટેનિસ ખેલાડી એલેક્ઝાન્ડ્રા ઈલા અને બાસ્કેટબોલ ખેલાડી ઓલિવિયા માઈલ્સનો પણ યાદીમાં સમાવેશ થાય છે. ટાઈમ મેગેઝિને 2025માં યશસ્વી જયસવાલને TIME 100 Nextમાં સ્થાન આપ્યું હતું. તે વર્ષે યાદીમાં સામેલ તે એકમાત્ર ક્રિકેટર હતો. 23 વર્ષના યશસ્વીએ સોશિયલ મીડિયા પર યાદીમાં સામેલ થવા પર ખુશી વ્યક્ત કરી હતી. તેણે લખ્યું હતું કે તેમને આ યાદીમાં સામેલ થવા પર ગર્વ છે. સાથે જ, આ તેને યાદ અપાવે છે કે અત્યાર સુધી તે કેટલો લાંબો રસ્તો કાપી ચૂક્યો છે અને હજુ કેટલું આગળ જવાનું છે. વૈભવે જુલાઈમાં ઈંગ્લેન્ડ સામે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. તે ભારત માટે રમનાર સૌથી ઓછી ઉંમરનો મેન્સ ક્રિકેટર છે. વૈભવ પહેલાં આ રેકોર્ડ સચિન તેંડુલકરના નામે હતો. સૂર્યવંશીએ 12 વર્ષની ઉંમરે રણજી ડેબ્યૂ કર્યું. વૈભવે 2024માં બિહાર તરફથી રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારે તેની ઉંમર 12 વર્ષની હતી. તે નાની ઉંમરે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ રમનારા ભારતીય ખેલાડીઓમાં સામેલ થયો હતો.

## છેલ્લી મિનિટમાં ગોલ કરીને ભારતે પાકિસ્તાનને હરાવ્યું

ગુવાહાટી

ભારતે અત્યંત રોમાંચક મુકાબલામાં પાકિસ્તાનને 4-3થી હરાવીને એશિયન ગેમ્સ મેન્સ હોકીની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. અભિષેકે મેચની છેલ્લી મિનિટમાં ગોલ કરીને ભારતને જીત અપાવી. ગોલ્ડ મેડલ માટે ભારતનો સામનો કોરિયા અને મલેશિયા વચ્ચે રમાનારી બીજી સેમિફાઈનલના વિજેતા સામે થશે. મેચની 23મી મિનિટ સુધી ભારતે 3-0ની સરસાઈ મેળવી લીધી હતી. ત્યારબાદ પાકિસ્તાને આગામી 26 મિનિટમાં ત્રણ ગોલ કરીને મેચને 3-3થી બરાબરી પર લાવી દીધી. 59 મિનિટ સુધી મેચ બરાબરી પર રહી. ફાઈનલ હૂટર વાગ્યાના આશરે 50 સેકન્ડ પહેલાં અભિષેકે ફિલ્ડ ગોલ કરીને ભારતને જીત અપાવી.

ભારતે 12મા દિવસે 2 મેડલ જીત્યા જાપાનના નાગોયામાં ચાલી રહેલી ગેમ્સના 12મા દિવસે ગુરુવારે ભારતે 2 મેડલ જીત્યા છે. ભારત મેડલ ટેલીમાં 8મા સ્થાને છે. તેના ખાતામાં કુલ 62 મેડલ થઈ ગયા છે. તેમાં 10 ગોલ્ડ, 21 સિલ્વર અને 31 બ્રોન્ઝ સામેલ છે.

ભારતે પાકિસ્તાનને 4-3થી હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી. છેલ્લી સેકન્ડમાં પાકિસ્તાન પાસે ગોલ કરવાની તક હતી, પરંતુ પાસ પર ટ્રેપ ન થયો અને હૂટર વાગી ગયું. છેલ્લી મિનિટમાં અભિષેકે શોટ લીધો. પાકિસ્તાનના ગોલકીપરે તેને રોકી દીધો અને રિબાઉન્ડ પણ બચાવી લીધો. આ પછી તરત જ ભારતે ગોલ કરી દીધો. અભિષેકના શોટ પર પાકિસ્તાનની સ્ટીકથી બોલ ડિફ્લેક્ટ થઈને ગોલમાં જતો રહ્યો. ભારત 4-3થી આગળ થયું.

### રોહિતની 35મી સદી; WI સામે સિરીઝ જીતી

## ભારતે પહેલીવાર 400+ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો: કેપ્ટન ગિલની ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચુરી

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાએ પોતાના 52 વર્ષના વન-ડે ઈતિહાસમાં પહેલીવાર 400 રનથી વધુનો ટાર્ગેટ ચેઝ કર્યો. બુધવારે ગુવાહાટીમાં રમાયેલી સિરીઝની બીજી મેચમાં વેસ્ટ ઈન્ડીઝે 50 ઓવરમાં 7 વિકેટના નુકસાને 405 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતે 43.3 ઓવરમાં માત્ર 2 વિકેટ ગુમાવીને આ વિશાળ ટાર્ગેટ ચેઝ કરી લીધો. આ ઐતિહાસિક વિજય સાથે ભારતે 3 મેચની સિરીઝમાં 2-0થી જીત મેળવી લીધી છે. કેપ્ટન શુભમન ગિલ ભારતની આ ભવ્ય જીતનો હીરો રહ્યો. તેણે વન-ડે ક્રિકેટના



ઈતિહાસમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારી. ગિલે માત્ર 117 બોલમાં 200 રનનો આંકડો પાર કર્યો હતો અને આખી ઈનિંગ્સ દરમિયાન 133 બોલમાં 223 રનની નોટઆઉટ રમત રમી, જેમાં 26 ચોગ્ગા અને 8 છગ્ગા સામેલ હતા. ગિલે રોહિત શર્મા સાથે પ્રથમ વિકેટ માટે 255 રનની રેકોર્ડબ્રેક ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી. રોહિતે પણ પોતાની સેન્ચુરી પૂરી કરતા 101 રનની શાનદાર ઈનિંગ્સ રમી. વિરાટ કોહલી 29 રન બનાવીને આઉટ થયો હતો, જ્યારે ગિલ સાથે ઋતુરાજ ગાયકવાડ 31 રન બનાવીને અણનમ રહ્યો હતો. શુભમન ગિલે વન-ડેમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારવાના મામલે ભારતના જ ઈશાન કિશનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ઈશાને 2022માં બાંગ્લાદેશ સામે 126 બોલમાં પોતાની બેવડી સદી પૂરી કરી હતી. આ ગિલની વન-ડે કરિયરની બીજી ડબલ સેન્ચુરી પણ છે. આ પહેલા તેણે 2023માં ન્યૂઝીલેન્ડ સામે 149 બોલમાં 208 રન બનાવ્યા હતા.

# ભારત-પાકિસ્તાન વચ્ચે એશિયન ગેમ્સની ફાઇનલ રમાશે

## ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને 124 રનથી હરાવ્યું, ઈશાનના નોટઆઉટ 80 રન

મુંબઈ

એશિયન ગેમ્સના ઈતિહાસમાં પહેલીવાર ભારત અને પાકિસ્તાનની ક્રિકેટ ટીમ ગોલ્ડ મેડલ માટે ટકરાશે. ગુરુવારે ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને 124 રનથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. જ્યારે, પાકિસ્તાને બાંગ્લાદેશને 6 વિકેટથી હરાવ્યું. ફાઈનલ 3 ઓક્ટોબરે સવારે 10 વાગ્યાથી રમાશે.

જાપાનના નિશિનમાં ભારતે ટૉસ હારતા પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટ પર 169 રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકન ટીમ 9.5 ઓવરમાં માત્ર 45 રન પર ઓલઆઉટ થઈ ગઈ. શ્રીલંકાના 6 બેટર્સ તો ખાતું પણ ખોલાવી શક્યા નહોતા. જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને



અભિષેક શર્માએ 2-2 વિકેટ ઝડપી. જ્યારે 3 બેટર્સ રનઆઉટ થયા. ભારત તરફથી ઈશાન કિશને નોટઆઉટ 80 રનની ઈનિંગ રમી. તેણે 4 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા. વૈભવ સૂર્યવંશીએ પણ 21 બોલમાં 38 રન બનાવ્યા. વૈભવે 6 ચોગ્ગા અને 2 છગ્ગા માર્યા. કેપ્ટન શ્રેયસ અય્યરે 13 રનનું યોગદાન આપ્યું. મેન્સ ક્રિકેટ ટુર્નામેન્ટની પહેલી સેમિફાઈનલ મેચ વરસાદથી પ્રભાવિત થઈ હતી. જેથી તેને 13-13 ઓવરની કરી દેવામાં આવી હતી. બાંગ્લાદેશની ટીમે પહેલા બેટિંગ કરતા 7 વિકેટ પર 111 રન બનાવ્યા. પાકિસ્તાને 11.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લેતા જીત મેળવી હતી. 10મી ઓવરમાં શ્રીલંકાની ઈનિંગ્સ 45 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ભારતે આ મુકાબલો 124 રનથી જીતી લીધો છે. 10મી ઓવરમાં ભારતે સતત ત્રણ વિકેટ લીધી. 9.3 બોલ પર તિલક વર્માએ થારિંદુ રત્નાયકેને 5 રન પર રન આઉટ કર્યો. 9.4 બોલ પર અભિષેક શર્માએ ચમિકા કરુણારત્નેને 4 રન પર સ્ટમ્પિંગ કરાવ્યો, જ્યારે પછીના બોલ પર બિનુરા ફર્નાન્ડોને બોલ્ડ કરી દીધો. આ અભિષેકની બીજી વિકેટ રહી.



## રોકાણકારોમાં ભારે ચિંતા ફેલાઈ

# સતત 8મા અઠવાડિયે માર્કેટ લાલચોળ, 10 લાખ કરોડ સ્વાહા

મુંબઈ

શેરબજાર સતત 8મા અઠવાડિયે લાલ નિશાનમાં બંધ થયું છે. આજે 1 ઑક્ટોબરે અઠવાડિયાના અંતિમ કારોબારી દિવસે સેન્સેક્સ 570 પોઈન્ટ અથવા 0.79% ઘટીને 71,910 પર બંધ થયો. નિફ્ટીમાં 198 પોઈન્ટ અથવા 0.88%નો ઘટાડો રહ્યો અને તે 22,422 પર આવી ગયો છે. ઑટો અને મીડિયા શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી છે. બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન (એમ-કેપ) અગાઉના સત્રના 471.86 લાખ



કરોડ રૂપિયાથી લગભગ 10.08 લાખ કરોડ રૂપિયા ઘટીને 461.77 લાખ કરોડ રૂપિયા થઈ ગયું, કારણ કે શેરોમાં ભારે ઘટાડો થયો. પરંતુ માર્કેટ બંધ થયા બાદ તેમાં થોડી રિકવરી આવી અને કુલ નુકસાન 6 લાખ કરોડ રૂપિયા રહી જતાં બીએસઈ માર્કેટ કેપિટલાઈઝેશન 466 લાખ કરોડ રૂપિયા થઈ ગયું. 25 વર્ષમાં ઘટાડાનો સૌથી લાંબો સમયગાળો. આ સતત 8મું અઠવાડિયું છે જ્યારે બજાર લાલ નિશાનમાં બંધ થયું છે. છેલ્લા 25 વર્ષમાં આ ઘટાડાનો સૌથી લાંબો સમયગાળો છે. આ પહેલાં વર્ષ 2001માં બજારમાં સતત 9 અઠવાડિયા સુધી ઘટાડો નોંધાયો હતો. જાન્યુઆરીમાં પોતાના 26,373ના સર્વકાલીન ઉચ્ચ સ્તરથી નિફ્ટી અત્યાર સુધીમાં લગભગ 15% નીચે આવી ગયો છે. શેરબજારના નિયમો મુજબ, જો બજાર પોતાના ઉચ્ચતમ સ્તરથી 20% સુધી ઘટી જાય, તો તેને સત્તાવાર 'બેર માર્કેટ' માનવામાં આવે છે. વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી ઝડપથી નાણાં પાછાં ખેંચ્યાં છે. માત્ર મંગળવાર અને બુધવારે જ 20 હજાર કરોડ રૂપિયાથી વધુના શેર વેચવામાં આવ્યા.

## કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં રૂ. 62.50 નો વધારો

# તહેવારો પહેલાં મોંઘવારીનો ડામ, LPG સિલિન્ડરના ભાવ વધ્યા

### ઓક્ટોબરની શરૂઆત સાથે જ સામાન્ય માણસ અને વેપારીઓને મોંઘવારીનો આંચકો લાગ્યો છે, 1 ઓક્ટોબર 2026ના રોજ ઓઈલ કંપનીઓએ LPG સિલિન્ડરના નવા ભાવ જાહેર કર્યા છે

મુંબઈ

ઓક્ટોબરની શરૂઆત સાથે જ સામાન્ય માણસ અને વેપારીઓને મોંઘવારીનો આંચકો લાગ્યો છે. 1 ઓક્ટોબર 2026ના રોજ ઓઈલ કંપનીઓએ LPG સિલિન્ડરના નવા ભાવ જાહેર કર્યા છે. 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ. 62.50નો વધારો થયો છે. દિલ્હીમાં ભાવ રૂ. 2,810 થયો છે, જ્યારે પટનામાં સૌથી મોંઘો સિલિન્ડર રૂ. 3,100.50માં મળે છે. ઘરગથ્થુ સિલિન્ડરના ભાવ યથાવત છે, જેથી ગૃહિણીઓને કોઈ રાહત નથી. ઓક્ટોબર મહિનાની શરૂઆત સાથે જ આમ આદમી અને વેપારીઓ પર મોંઘવારીનો તગડો ઝાટકો વાગ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 1 ઓક્ટોબર 2026ના રોજ સવારે જ એલપીજી સિલિન્ડરના



નવા ભાવ જાહેર કર્યા છે. આગામી નવરાત્રી અને દિવાળીના તહેવારો પૂર્વે જ 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ. 62.50 નો સીધો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. સતત બીજા મહિને થયેલા આ ભાવવધારાથી હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને કેટરિંગ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ માટે મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે આ વધારાથી તેમનું પ્રોડક્શન કોસ્ટ વધી જશે અને પરિણામે બહાર ખાવાનું મોંઘું બની શકે છે.. દિલ્હીમાં ભાવ રૂ. 2,810 પહોંચ્યો, પટનામાં સૌથી મોંઘો સિલિન્ડર તાજેતરમાં થયેલા ભાવવધારા બાદ દેશના પ્રમુખ શહેરોમાં 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના નવા ભાવ નીચે મુજબ છે: દિલ્હી: કોમર્શિયલ સિલિન્ડર રૂ. 62.50 મોંઘો થઈને હવે રૂ. 2,810 ના સ્તરે પહોંચી ગયો છે. આ પહેલાં સપ્ટેમ્બરના પ્રારંભે પણ તેમાં રૂ. 9.50 નો વધારો થયો હતો. પટના: બિહારની રાજધાની પટનામાં દેશનો સૌથી મોંઘો કોમર્શિયલ સિલિન્ડર મળી રહ્યો છે, જ્યાં ભાવ રૂ. 3,029 થી ઉછળીને સીધો રૂ. 3,100.50 થઈ ગયો છે. દર મહિનાની 1 લી તારીખે ઓઈલ કંપનીઓ દ્વારા ગેસના ભાવની સમીક્ષા કરવામાં આવે છે અને તે મુજબ જ આ નવા દરો અમલી બન્યા છે. એક તરફ જ્યાં કોમર્શિયલ સિલિન્ડર મોંઘો થયો છે, ત્યાં બીજી તરફ ઘરગથ્થુ રાંધણ ગેસ (Home LPG Cylinder) વાપરતી ગૃહિણીઓ માટે રાહતના સમાચાર નથી. 14.2 કિલોના ઘરમાં વપરાતા સિલિન્ડરના ભાવમાં કંપનીઓએ કોઈ ફેરફાર કર્યો નથી.

## સોના-ચાંદીના ભાવમાં ઘટાડો પછી વધારો જોવા મળ્યો

# સોનું ₹799 મોંઘું, ₹1.49 લાખે પહોંચ્યું: ચાંદી ₹1519 વધીને ₹2.22 લાખે પહોંચી

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે 1 ઑક્ટોબરે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 799 રૂપિયા વધીને 1.49 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલાં 30 સપ્ટેમ્બરે તેનો ભાવ 1.48 લાખ રૂપિયા હતો. બીજી તરફ, એક કિલો ચાંદી 1519 રૂપિયા વધીને 2.22 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે, જે બુધવારે 2.22 લાખ રૂપિયા હતી. ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષાનો ખર્ચ જોડાય છે, જેના કારણે અંતર વધે તેમ ભાવ વધે છે. ખરીદીનું પ્રમાણ:



દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. લોકલ જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સ જે ભાવે ખરીદી કરી હોય તે નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 15,488 રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. જ્યારે ચાંદી 8,466 રૂપિયા સસ્તી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.49 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ છે.

# કોટક બેંકના MD અને CEO બન્યા અનુપ કુમાર

- **1 જાન્યુઆરી 2027થી પદભાર સંભાળશે, ત્રણ વર્ષનો કાર્યકાળ રહેશે**

મુંબઈ

કોટક મહિન્દ્રા બેંકે ગુરુવારે અનૂપ કુમાર સાહાની નવા મેનેજિંગ ડિરેક્ટર અને CEO તરીકે નિમણૂક કરી. તેમનો કાર્યકાળ ત્રણ વર્ષનો રહેશે. સાહા 1 જાન્યુઆરી 2027થી આ પદ સંભાળશે. તેઓ હાલમાં બેંકમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યા છે. સાહા પાસે 32 વર્ષથી વધુનો અનુભવ છે. તેમાં બેંકિંગ અને નોન-બેંકિંગ નાણાકીય સંસ્થાઓમાં 25 વર્ષનો અનુભવ સામેલ છે. કોટક મહિન્દ્રા બેંકમાં ભૂમિકા અનૂપ કુમાર સાહા જાન્યુઆરી 2026માં કોટક મહિન્દ્રા બેંક સાથે જોડાયા હતા. માર્ચ 2026થી ડિરેક્ટરની ભૂમિકામાં તેઓ બેંકના સમગ્ર રિટેલ બેંકિંગ, સરકારી વ્યવસાય, ડેટા એનાલિટિક્સ અને માર્કેટિંગનું કામ સંભાળી રહ્યા હતા. બજાજ ફાઈનાન્સમાં અનેક મહત્વપૂર્ણ પદો પર રહ્યા સાહાએ 2017થી જાન્યુઆરી 2026 સુધી બજાજ ફાઈનાન્સ લિમિટેડ સાથે કામ કર્યું. તેમણે ત્યાં પ્રેસિડેન્ટ-કન્ઝ્યુમર ફાઈનાન્સ તરીકે શરૂઆત કરી. ત્યારબાદ તેઓ ડેપ્યુટી CEO-કન્ઝ્યુમર, MSME, માર્કેટિંગ, ઓપરેશન્સ એન્ડ સર્વિસ અને ડિજિટલ પ્લેટફોર્મના પદો પર રહ્યા. તેઓ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર પદે પણ રહ્યા હતા. ત્યારબાદ એપ્રિલ 2025થી જુલાઈ 2025 સુધી તેમણે બજાજ ફાઈનાન્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને CEO તરીકે કામ કર્યું હતું.

# ગુજરાત યુનિ.માં કરોડોના ભ્રષ્ટાચારનો આક્ષેપ, રાયફલ શૂટિંગ રેન્જનું MoU રદ

## દરવાજો તોડી ABVPનો ઈન્ચાર્જ કુલપતિ સામે ઉગ્ર વિરોધ; જગદીશ જોશીએ કહ્યું-નિવૃત જજ તપાસ કરશે







અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાના કાર્યકાળ દરમિયાન કુલપતિ અને રજીસ્ટ્રારની સહીથી 200 કરોડની જગ્યા પર બનાવેલા રાયફલ શૂટિંગ રેન્જ સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનને પધરાવી દેવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારે ABVPના કાર્યકર્તાઓ આજે 1 ઓક્ટોબરે ગુજરાત યુનિવર્સિટીમાં રજૂઆત કરવા પહોંચ્યા હતા. જ્યાં દરવાજો તોડીને યુનિવર્સિટીમાં પ્રવેશીને ઉગ્ર વિરોધ કર્યો હતો. એ સાથે જ સિન્ડિકેટ સભ્યને મળેલ રાયફલ શૂટિંગ રેન્જનું ટેન્ડર અને MOU રદ કરવામાં આવ્યું છે. આ મામલે ઈન્ચાર્જ કુલપતિએ જણાવ્યું હતું કે, નિવૃત જજને તપાસ આપવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીમાં ઓગસ્ટ 2025માં રાયફલ શૂટિંગ રેન્જને લઈ વિવાદ ચાલી રહ્યો હતો. જે સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનને સોંપી દીધી હોવાનો આક્ષેપ થયો હતો. પરંતુ તે સમયે પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ ટેન્ડર રદ કર્યા હોવાનો દાવો કર્યો, પરંતુ હકીકતમાં આ ટેન્ડર અને MOU આશિષ અમીનની દ્રોણાચાર્ય એકેડેમી ઓફ શૂટિંગ એન્ડ આર્ચરીને સોંપી દેવામાં આવી હતી. 200 કરોડની જગ્યા પર 37 કરોડનો ખર્ચ કરીને બનાવેલી બિલ્ડિંગમાં કરોડોની સાધન સામગ્રી યુનિવર્સિટીના પૈસા લાવી ખાનગી કંપનીને સોંપી દેવાતા ફરીથી વિવાદ વકર્યો હતો. ABVPના કાર્યકરો ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યા હતા.

જ્યાં દરવાજા બંધ હતા જે તોડીને ટાવરમાં પ્રવેશ કરી ઈન્ચાર્જ કુલપતિ સામે ઉગ્ર વિરોધ કર્યો હતો. કુલપતિની ચેમ્બરમાં રજીસ્ટ્રાર પિયુષ પટેલ પણ હાજર હતા જેમની ટેન્ડર અને MOUમાં સહી હોવાથી ABVPના કાર્યકરોએ રજીસ્ટ્રારને ધમકાવ્યા હતા. રજીસ્ટ્રાર પાસે MOUના કાગળ માંગતા કાગળ મળી આવ્યા ન હતા. ABVPનો આક્ષેપ છે કે MOU આશિષ અમીને તેમની પાસે રાખી લીધો છે જે હાલમાં યુનિવર્સિટી પાસે નથી.

ABVPના નેતા પ્રિયમ ભાટીયાએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં 275 કરોડની જમીન અને તેના પર બનેલી બિલ્ડીંગ બારોબર સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનને આપી દેવામાં આવી છે. જેમાં કોઈ પણ પ્રક્રિયા કરવામાં આવી નથી. યુનિવર્સિટીના ખર્ચે ત્યાં બિલ્ડીંગ પણ બનાવવામાં આવ્યું છે. જેથી આ તમામ MoU રદ કરવામાં આવે અને ટેન્ડર પ્રક્રિયા થઈ હોય તો તે પણ રદ કરવામાં આવે.

### નિરમા યુનિવર્સિટીમાં હાહાકાર

## શ્રમિકની બિભત્સ હરકત સામે કાર્યવાહી ન થતાં કાળા કપડાં પહેરીને 1000થી વધુ વિદ્યાર્થીઓ મેદાને

અમદાવાદ

અમદાવાદની નામાંકિત અને પ્રતિષ્ઠિત નિરમા યુનિવર્સિટી (Nirma University) માંથી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઘટના સામે આવી છે. યુનિવર્સિટીના કેમ્પસમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓ સાથે એક શ્રમિક દ્વારા કરવામાં આવેલી બિભત્સ હરકત અને છેડતી મામલે યુનિવર્સિટી તંત્ર દ્વારા સમયસર કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં આખરે વિદ્યાર્થીઓનો રોષ ફાટી નીકળ્યો છે. ન્યાયની માંગ સાથે યુનિવર્સિટીના હજારથી વધુ યુવક-યુવતીઓએ કાળા કપડાં પહેરીને અને હાથમાં વિરોધ દર્શાવતા પ્લેકાર્ડ્સ સાથે ભવ્ય વિરોધ પ્રદર્શન યોજ્યું હતું, જેના કારણે



સમગ્ર કેમ્પસમાં હડકંપ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, નિરમા યુનિવર્સિટીના કેમ્પસમાં જ કામ કરતા એક શ્રમિક દ્વારા કથિત રીતે વિદ્યાર્થીઓ સામે બિભત્સ હરકતો અને અશોભનીય વર્તન કરવામાં આવ્યું હતું. આ ગંભીર બાબતની જાણ વિદ્યાર્થીઓ દ્વારા તાત્કાલિક સંબંધિત સત્તાધીશો અને યુનિવર્સિટી મેનેજમેન્ટને કરવામાં આવી હતી. પરંતુ, આશ્ચર્યજનક રીતે, આટલી સંવેદનશીલ ઘટના બનવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા અને આરોપી શ્રમિક સામે કોઈ જ કડક શિસ્તબદ્ધ કે પોલીસ કાર્યવાહી કરવામાં આવી નહીં. તંત્રના આ ઉદાસીન વલણ અને લાપરવાહીના કારણે વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો હતો. યુનિવર્સિટી મેનેજમેન્ટની નિષ્ક્રિયતા સામે લાલ આંખ કરીને વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા અને ગ્રુપના માધ્યમથી એક થઈને આક્રમક આંદોલનનું એંધાણ આપ્યું હતું. કાળા કપડાં ધારણ કર્યા: વિરોધના પ્રતીક રૂપે યુનિવર્સિટીના હજારો વિદ્યાર્થીઓએ કાળા કપડાં પહેરીને યુનિવર્સિટી પ્રશાસનના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા.

## અમદાવાદ જિલ્લામાં કરોડોનું ડેલિવરી મિશન ફેલ: બાવળામાં SMCની મોટી રેડ

### 4.35 કરોડની કિંમતની વ્હેલ માછલીની ઉલટી (એમ્બરગ્રીસ) સાથે બે ઝડપાયા!

અમદાવાદ

ગુજરાતમાં ગેરકાયદેસર અને પ્રતિબંધિત ચીજવસ્તુઓની હેરાફેરી સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા અત્યંત આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લાના બાવળા પોલીસ સ્ટેશનની હદમાં SMCની ટીમે બાતમીના આધારે ત્રાટકીને આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમત ધરાવતા વ્હેલ માછલીની ઉલટી (એમ્બરગ્રીસ - Ambergris) ના મોટા જથ્થા સાથે બે કુખ્યાત શખ્સોને રંગે હાથે ઝડપી પાડ્યા છે. કરોડો રૂપિયાના આ કાળા કારોબારે સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલને ચોક્કસ બાતમી મળી હતી કે બાવળા વિસ્તારમાં વ્હેલ માછલીની કિંમતી ઉલટીના ગેરકાયદેસર વેચાણ કે સોદા માટે કેટલાક શખ્સો આવવાના છે. આ બાતમીના આધારે SMCની ટીમે બાવળા ચોકડી પાસે આવેલ આકૃતિ આર્કેડ કોમ્પ્લેક્ષના પાર્કિંગ વિસ્તારમાં વોચ ગોઠવી હતી.

પાર્કિંગમાં શંકાસ્પદ હાલતમાં ઉભેલા ઈસમોની તલાશી લેતા તંત્રને ચોંકાવનારો જથ્થો હાથ લાગ્યો હતો.

કુલ વજન: ૪ કિલો ૩૫૪ ગ્રામ (૪.૩૫ કિલો), અંદાજિત કિંમત: આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે ૪.૩૫ કરોડ રૂપિયા. ઝડપાયેલા આરોપીઓ: ૧. અજય ચાવડા (રહે. ખંભાત), ૨. હિતેષ ચૌહાણ (રહે. ધોળકા) લાંબી તપાસમાં ખુલ્યા ચોંકાવનારા નામ: કોણ છે આ રેકેટના માસ્ટરમાઈન્ડ? પોલીસની પ્રાથમિક કડક પૂછપરછમાં આ ગેરકાયદેસર એમ્બરગ્રીસના કારોબારમાં સંડોવાયેલા એક પછી એક મોટા નામ બહાર આવ્યા છે, જેના કારણે આખી સિન્ડિકેટનો પર્દાફાશ થયો છે. આણંદના મેહુલ ડાભી દ્વારા અજય ચાવડાને આ એમ્બરગ્રીસનું વેચાણ કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ સોદા માટે અજય ચાવડા તેની સાથે કિશન ગોહેલ સહિતના અન્ય ત્રણ શખ્સોને લઈને ખાસ બાવળા આવ્યો હતો.

### વેરિફિકેશન વિના રહેતી યુવતીઓનું ધિંગાણું

## નિકોલની પારંતી આવાસ યોજનામાં અડધી રાત્રે આતંક

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડતી વધુ એક શરમજનક ઘટના સામે આવી છે. નિકોલ વિસ્તારમાં આવેલી કુખ્યાત પારંતી આવાસ યોજના ફરી એકવાર વિવાદના એરણે ચડી છે. અવારનવાર માથાકૂટો, ગેરકાયદે પ્રવૃત્તિઓ અને વાયરલ વીડિયોના કારણે ચર્ચામાં રહેતી આ સોસાયટીમાં હવે હદ વટાઈ ચૂકી છે.

કોઈપણ જાતના પોલીસ વેરિફિકેશન વિના, નિયમોને ઘોળીને પીને આવાસ યોજનામાં રહેતી બહારના રાજ્યની કેટલીક યુવતીઓએ અડધી રાત્રે સોસાયટીમાં સોપો પાડી દીધો હતો. નશાની હાલતમાં આ યુવતીઓએ મચાવેલા ઉત્પાતે આસપાસના શાંતિપ્રિય રહીશોની ઊંઘ હરામ કરી નાખી હતી.

દારૂના નશામાં અડધી રાત્રે રાડાપાડ: બહારના રાજ્યથી ભાડે રહેવા આવેલી યુવતીઓએ મોડી રાત્રે ફ્લેટની અંદર અને બહાર ભારે બૂમાબૂમ, હંગામો અને ગંદી ગાળાગાળી કરી આતંક મચાવ્યો હતો.

રહીશો પર હુમલાનો પ્રયાસ: જ્યારે સોસાયટીના જાગૃત રહીશોએ આ અડધી રાત્રે ચાલતા તમાશા અંગે પૂછપરછ કરી અને વિરોધ નોંધાવ્યો, ત્યારે ઉલટી ચોર કોતવાલને ડાંટે તે ન્યાયે આ યુવતીઓએ સ્થાનિકો પર ઉશ્કેરાઈને હુમલો કરવાનો પ્રયાસ પણ કર્યો હતો. પોલીસ વેરિફિકેશનનો અભાવ: સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ફ્લેટમાં રહેતી યુવતીઓનું કોઈપણ પ્રકારનું પોલીસ વેરિફિકેશન (ચકાસણી) કરાવવામાં આવ્યું નથી, જેના કારણે ગુનેગાર કે અસામાજિક તત્વો બેફામ બન્યા છે. આ સમગ્ર પ્રકરણમાં સૌથી ગંભીર અને ચોંકાવનારી બાબત તો એ છે કે સોસાયટીના ચેરમેનને આ બધી જ ગેરકાયદે પ્રવૃત્તિઓની જાણકારી અગાઉથી જ છે. તેમ છતાં, ચેરમેન દ્વારા કોઈ જ કડક પગલાં લેવામાં આવ્યા નથી. રહીશોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે કે, શું સોસાયટીના ચેરમેન આવા અસામાજિક તત્વોને છાવરી રહ્યા છે? શું કોઈ અંગત સ્વાર્થ કે વડી કમિશનના ચક્કરમાં રહીશોની સુરક્ષા દાવ પર લગાવી દેવામાં આવી છે?

## દારૂના ગુનામાં 3 મહિનાથી નાસતો-ફરતો આરોપી કિશન માળી ઝડપાયો!

અમદાવાદ, બંસરી ભાવસાર

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ગુનેગારો પર પોલીસની પક્કડ કેટલી મજબૂત બની રહી છે, તેનું વધુ એક શાનદાર ઉદાહરણ વિરમગામથી સામે આવ્યું છે. વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનની ટીમે પ્રોહીબિશનના એક ગંભીર ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી કાયદાની આંખમાં ધૂળ નાખીને નાસતા-ફરતા વોન્ટેડ આરોપીને આખરે દબોચી લીધો છે. પોલીસની આ ફાસ્ટ-ટ્રેક અને સચોટ કાર્યવાહીથી બુટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. રાજ્યમાં અને ખાસ કરીને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં દારૂની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર ડામ દેવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા કડક સૂચના આપવામાં આવી હતી. અમદાવાદ વિભાગના પોલીસ મહાનિરીક્ષક શ્રી રાઘવેન્દ્ર વત્સ તથા જિલ્લા પોલીસ વડા શ્રી ઓમ પ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

### અમદાવાદમાં હચમચાવતી ઘટના

## નવનિર્મિત મકરબા બ્રિજ પરથી યુવકે ઝંપલાવી જીવન ટૂંકાવ્યું!!

અમદાવાદ

શહેરમાં દિનપ્રતિદિન આપઘાતની ઘટનાઓ વધી રહી છે, ત્યારે વધુ એક હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદના નવનિર્મિત મકરબા બ્રિજ પરથી એક યુવકે નીચે છલાંગ લગાવીને આપઘાત કરી લીધો હોવાની દુ:ખદ ઘટના બની છે. બપોરના સુમારે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે અને અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૧ ઓક્ટોબરના રોજ બપોરના સમયે એક યુવક પોતાના ટુ-વ્હીલર (બાઈક કે સૂટર) પર સવાર થઈને મકરબા બ્રિજ પર આવ્યો હતો. બ્રિજ પર પહોંચીને તેણે વાહન એક બાજુ પાર્ક કર્યું હતું અને



ક્ષણનો પણ વિચાર કર્યા વિના અચાનક બ્રિજ પરથી નીચે મોતની છલાંગ લગાવી દીધી હતી. ઊંચાઈ પરથી નીચે પડાતાં યુવકને માથાના ભાગે અને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં પડેલા યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની ગંભીરતા જોતા આસપાસના લોકો દ્વારા તુરંત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ સરખેજ પોલીસ સ્ટેશનની ટીમ અને 108 એમ્બ્યુલન્સ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. યુવકના આપઘાતની ભયાનક ખબર તા જ રોકકળ કરતા પરિવારજનો પણ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. યુવકના અચાનક આ પગલાંથી પરિવારમાં આક્રંદ છવાઈ ગયો છે. પોલીસે મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ (PM) અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## સંક્ષીપ્ત સમાચાર

### રામોલમાં વિધાર્થિનીની છેડતી કરતો પરિણીત ડિલિવરી બોય ઝડપાયો, સગીરાને નંબર આપવા કરતો હતો દબાણ

અમદાવાદના રામોલ વિસ્તારમાં 11માં ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીની છેડતી કરનાર 21 વર્ષીય ડિલિવરી બોય સમીર શેખને પોલીસે ઝડપી પાડ્યો છે. છેલ્લા 6 મહિનાથી ગોડાઉનમાં કામ કરતો સમીર 4-5 દિવસથી સગીરાનો પીછો કરી અશ્લીલ હરકતો કરતો હતો. માતા-બહેને જાળ બિછાવી આરોપીને પકડાવ્યો, રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રામોલ વિસ્તારમાં શાળાએ જતી ધોરણ 11માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો પીછો કરી અશ્લીલ હરકતો અને છેડતી કરનાર 21 વર્ષીય ડિલિવરી બોય સમીર શેખને રામોલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ઝડપી પાડ્યો છે. આરોપી પોતાની જ્યુપિટર બાઈક પર સગીરાનો પીછો કરી તેને મોબાઈલ નંબર આપી વાત કરવા સતત દબાણ કરતો હતો. મળતી માહિતી અનુસાર, સગીરા જે રસ્તા પરથી દરરોજ શાળાએ જતી હતી ત્યાં જ ખાનગી કંપનીનું ગોડાઉન આવેલું હતું. છેલ્લા 6 મહિનાથી ત્યાં ડિલિવરી બોય તરીકે કામ કરતો પરિણીત સમીર શેખ છેલ્લા 4-5 દિવસથી સગીરાનો પીછો કરતો હતો. લુખ્ખા તત્ત્વની આ રોજિંદી હરકતોથી ત્રાસીને સગીરાએ પોતાની માતાને વિગત જણાવી હતી.

### CCTV અને બાતમીદારોના આધારે બે આરોપી ઝડપાયા, લૂંટનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

અમદાવાદ શહેરમાં ગુનેગારોને કાયદાનો કેવો ખોફ હોય છે અને પોલીસ તેની સામે કેટલી સજ્જ છે, તેનું વધુ એક શાનદાર ઉદાહરણ સામે આવ્યું છે. શહેરના વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા વાડજ વિસ્તારમાં તાજેતરમાં ઘટેલી સનસનીખેજ લૂંટની ઘટનાએ સમગ્ર પોલીસબેડામાં હડકંપ મચાવી દીધો હતો. ગુનેગારો પોલીસને ખુલ્લો પડકાર ફેંકીને નાસી છૂટ્યા હતા, પરંતુ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને LCB ઝોન-૧ ની ટીમે પોતાની ટેકનિકલ કુશળતા અને બાતમીદારોના નેટવર્કના આધારે ગણતરીના કલાકોમાં જ આ લૂંટનો પર્દાફાશ કરી નાખ્યો છે. પોલીસે બાજી પલટી નાખીને લૂંટને અંજામ આપનારા બે મુખ્ય આરોપીઓને ઝડપી પાડીને સળીયા પાછળ ધકેલી દીધા છે. ઘટના બન્યા બાદ તરત જ પોલીસ કમિશનરના આદેશો અનુસાર LCB ઝોન-૧ ની ટીમ એક્શન મોડમાં આવી ગઈ હતી. ગુનેગારો ભલે ગમે તેટલા શાહુકાર બનવાની કોશિશ કરે, પણ ટેકનોલોજી અને ખાકીના સપાટા આગળ લાચાર સાબિત થયા.

### ગરીબ દીકરીઓને દાગીના દાન કરવાનું કહી 2.86 કરોડના સોના-ચાંદીના દાગીના ખરીદી પૈસા ન ચૂકવ્યાં

અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલી સોનીની દુકાનેથી સામાજિક કાર્યકર હોવાની ઓળખ આપીને એક ગઠિયાએ રૂ. 2.86 કરોડના સોના-ચાંદીના દાગીના ખરીદ્યા બાદ રૂ. 1.79 કરોડ ન ચૂકવી છેતરપિંડી આચરી છે. આરોપીએ ગરીબ દીકરીઓને દાગીના દાનમાં આપવાના બહાને વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. આ અંગે ભોગ બનનાર જ્વેલર્સે ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખા (EOW)માં ફરિયાદ નોંધાવી છે. નારણપુરા ખાતે રહેતા અને રાણીપમાં 'પાયલ જ્વેલર્સ' નામે સોના-ચાંદીની દુકાન ચલાવતા જયેશભાઈ શાહનો સંપર્ક ઓક્ટોબર, 2024માં અમરાઈવાડીના જયેશ રાઠોડ સાથે થયો હતો. જયેશ રાઠોડે પોતે એક સામાજિક સંસ્થા ચલાવતો હોવાનું અને ગરીબ દીકરીઓને સોના-ચાંદીના દાગીના દાનમાં આપતો હોવાની ઓળખ આપી હતી. શરૂઆતમાં નિયમિત ખરીદી કરી સમયસર નાણાં ચૂકવી દઈ તેણે વેપારીનો પૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. વેપારીનો વિશ્વાસ સંપાદિત કર્યા બાદ, લગભગ એક વર્ષના સમયગાળા દરમિયાન જયેશ રાઠોડે દુકાનેથી કુલ રૂ. 2.86 કરોડના દાગીના ખરીદ્યા હતા, જેની સામે તેણે માત્ર રૂ. 1.07 કરોડ ચુકવ્યા હતા. બાકી નીકળતા રૂ. 1.79 કરોડ માંગતા તે અવારનવાર અલગ-અલગ બહાના બતાવતો હતો.

### ગેસનું બિલ બાકી હોવાનું કહીને ઠગાઈ: ગોતામાં વકીલને બિલની apk ફાઇલ મોકલી ખાતામાંથી 7.90 લાખ ઉપાડી લીધા

અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા એક વકીલને સાયબર ગઠિયાઓએ ગેસનું બિલ બાકી હોવાનું કહીને બિલની apk ફાઈલ મોકલી હતી જે ડાઉનલોડ કર્યા બાદ OTP માંગ્યો હતો.વકીલે OTP આપ્યો નહોતો છતાં ગઠિયાઓએ વકીલના મોબાઈલનું એક્સેસ મેળવી લીધું હતું અને અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 7.90 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે વકીલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. ગોતા વિસ્તારમાં રહેતા 47 વર્ષીય વકીલને અજાણ્યા નંબર પરથી એક વ્યક્તિનો ફોન આવ્યો હતો જેને પોતાની ઓળખ અદાણી કંપનીના કર્મચારીની આપી હતી જે બાદ ગેસનું બિલ બાકી હોવાનું જણાવ્યું હતું અને બિલની કોપી માટે apk ફાઇલ મોકલી હતી જે વકીલે ડાઉનલોડ કરી હતી, પરંતુ ડાઉનલોડ થઈ નહોતી જેથી ગઠિયાએ વકીલ પાસે OTP માંગ્યો હતો, પણ વકીલે OTP આપ્યો નહોતો. વકીલને શંકા જતા બેંકમાં જઈને એકાઉન્ટ બ્લોક કરાવ્યું હતું.બે દિવસ બાદ એરટેલ કંપનીના કર્મચારી બની ફરીથી સાયબર ગઠિયાએ વકીલને ફોન કર્યો હતો જેથી વકીલને શંકા ગઈ અને બેંકમાં તપાસ કરતા તેમના ખાતામાંથી 5 લાખ અને 2.90 લાખ એમ 7.90 લાખ રૂપિયા ઉપડી ગયા હતા જે અંગે વકીલે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI